1937 - 1939

(1)

સંસ્કાર સિંચનની અગત્ય. Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છૂટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક અગીઆરમો
શુક્રવાર તા. ૧-૧-૩૭.

## જૈનત્વને ત્રાજવે.

લેખક:–
રા. ભાઈલાલ બાવીશી.

ચંદન આડશો મ્હોટો શો ભાલે!
'જૈનત્વ'ના સ્તંભ નિજને કહાવે!
દેખી મ્હને–સિંહ મૂળે ધસ્યો શું!
ધરી ધૈર્ય ઉભો–મહાશય 'કહે'શું'!
"કેમ કહાવે 'જૈન'! રે! દંભી! ઓ! 'અજૈન'!
કદી ના પ્રવેશ્યો જિન–મંદિર–કીધી ન પૂજા,
સ્તવનો સ્તવ્યા ના; 'જૈન' કહાવે છે!
ઉપાશ્રયદ્વાર કદી ન દીઠાં–ચાંપ્યાં ન ચરણ,
સુણ્યા ન વ્યાખ્યાન, 'જૈન' કહાવે છે!
નમ્યો ના કદાપિ સાધુ–સાધ્વીને–વ્હોરાવ્યાં ન ભોજન,
ધર્યાં ન અન્ય દાન; 'જૈન' કહાવે છે!
કીધાં ન કો'દિ સામાયિક–પ્રતિક્રમણ–સૂત્રો ભણ્યો ના,
પાપોથી હઠ્યો ના; 'જૈન' કહાવે છે!
કીધું ન જીવનભર વ્રત એકેય–નવકારસી–પોરસી,
કે કંદાદિ ત્યાગી; 'જૈન' કહાવે છે!
કસી ન કાયા તપશ્ચર્યાએ–ના છઠ્ઠ–અઠ્ઠમ,
ઉપવાસ–આંબિલ; 'જૈન' કહાવે છે?
જૈન થઈને કર્યું હેં શું!
કેમ કહાવે 'જૈન'! 'અજૈન' તું!"

❁ ❁ ❁

સૂતો; નિરખ્યું મ્હેં સ્વપ્ને;
ઉભો મહાવિભૂતિ વીર–ચરણે;
ઉઘડયાં 'આત્મા'નાં અંતરદ્વારો,
ને આપતો હિસાબ જીવનનો—
"પૂજી નથી પ્રતિમા જીન–મંદિરે,
સ્થાપી જિન–પ્રતિમા મમ હૃદ–મંદિરે—
શુદ્ધભાવે પૂજી મ્હેં, સ્તુત્યગુણો સ્તવીને;
'જૈન' કહેશો પ્રભો!
'ઉપાશ્રય–વસ્યો 'સાધુ' ન વાંદ્યો';
એ વેશધારીથી વેગળો રહ્યો—
દાંભિક સાધુતા ધારતો, વ્યાખ્યાન નહિ, વિષ રેડતો,
'જૈન' કહેશો પ્રભો?
નમ્યો ન, ધિક્કાર્યાં સાધુ–સાધ્વીને;
સંયમ ઓઢે અસંયમ આચરે—
ભોજન ખાધાં હરામ કરી,
દાન ગ્રહી પરિગ્રહ ધરે;
'જૈન' કહેશો પ્રભો?
સામાયિક–પ્રતિક્રમણ ન કીધાં;
શુક શું સૂત્રોએ પઢ્યા ના—
એકાગ્ર ચિત્તે, એકાંત બેસી,
કીધું મનન 'આત્મ'–ઊંડેરી;
'જૈન' કહેશો પ્રભો?
નવકારશી કરી ના, કંદ ભેળ્યું;
વ્રતોમાં વ્રતોત્તમ બ્રહ્મચર્ય ધાર્યું—
દુભવ્યું ના દિલ કોઈનુંયે,
બન્ધુત્વ ધાર્યું પ્રતિજીવ પ્રત્યે;
'જૈન' કહેશો પ્રભો?
તપશ્ચર્યાનો દંભ ન સેવ્યો;
પણ વિચાર્યો ભૂખમરો ન કીધો—
સેવ્યો મિ તા હા ર,
શુદ્ધ, અલ્પ આહાર;
'જૈન' કહેશો પ્રભો?
મહાવિભૂતિએ મમ અણુ સૂંઘ્યું;
"આત્મલક્ષી! અરે! છે 'જૈન' તું!!"
અંતર ઉઘડ્યું:
હૃદય પૂકાર્યું:—
'જગને ત્રાજવે' 'જૈનત્વ' ન્હોતું!
ત્યારે પ્રભુ કહે: "જૈન તું!!!"

❁ ❁ ❁

ચક્ષુ ઉઘડ્યાં; હસી રહ્યો હું:
"જગે 'જૈનત્વ'ની હાંસી થતી શું!!!"
જગને ત્રાજવે છો 'અજૈન' હોઉં!
'જૈનત્વ' તોળીશ પ્રભુ–ત્રાજવે હું!

(તણખા)

# તરુણ જૈન.

તા. ૧-૧-૩૭

## સંસ્કાર સિંચનની અગત્ય.

આપણાં સમાજમાં સ્ત્રીઓ અશિક્ષિત અને અર્ધશિક્ષિત હોઇ દીર્ઘદૃષ્ટિની ખામી હોવાથી એવાં કાર્યો કરી બેસે છે કે જે સમાજને શરમાવનારાં થઇ પડે છે. કેટલીક સ્ત્રીઓ ભવિષ્યનો વિચાર કર્યા સિવાય પતંગીઉં જેમ દીપકમાં પડે છે ત્હેમ હવસની ગુલામીમાં તણાઇ પોતાની સારીય જીંદગીની ખાનાખરાબી કરી નાખે છે. કેવળ ક્ષણિક સુખને ખાતર નૈતિક પતનને સ્વીકારી પોતાના જીવનની સુખશાંતિ અને સામાજીક સ્થાનને ભયમાં મૂકી દે છે અને જ્યારે ત્હેને પરિસ્થિતિનો ખ્યાલ આવે છે. ત્યારે જરૂર પશ્ચાતાપ થાય છે પરંતુ એ પશ્ચાતાપ ત્હેને ત્હેની પરિસ્થિતિમાંથી મુક્ત કરતો નથી. મને કે કમને ત્હેને ત્હેમાં ખેંચાવુ જ પડે છે અને છેવટે તે તદ્દન તળીએ બેસે છે. એવી જ બ્હેનોના બે કિસ્સાઓ છેલ્લા પખવાડીઆમાં વર્તમાનપત્રને પાને ચડયા છે. એક અમદાવાદની બ્હેન પોતાના નિવેદનમાં કહે છે કેઃ—"મારાં લગ્ન આઠવર્ષ અગાઉ પુના ખાતે એક વણિક સાથે થયાં હતાં. મારે એક આઠવર્ષની છોકરી છે. મારા માબાપ મરણ પામ્યા છે. પુનાથી અમે બેડગામે રહેવાં ગયાં હતાં અને મારા પતિએ મને ઘર બહાર કાઢી મૂકી હતી, તે પછી એક શીખ મને ધારવાડ ખાતે લઇ ગયો હતો. શીખ પાસેથી હું મ્હારા પતિ પાસે આવી પરંતુ ત્હેમણે મ્હને રાખી નહિ. અને હું બિમાર થવાથી મ્હને પુનાની ઇસ્પિતાલમાં રાખવામાં આવી હતી. ત્યાંથી પુનઃ મારા પતિ પાસે આવી પરંતુ ત્હેણે રાખવાની ચોકખી ના સુણાવી. ત્યાંથી હું મુંબઇ આવી અને વેશ્યાગીરીનો ધંધો આદર્યો."

બીજો કિસ્સો ઉજ્જૈનમાં બન્યો છે. ગૃહકંકાસને કારણે એક અપરિણિત યુવતી પિતાનું ઘર ત્યજી બ્હેનના ઘરનો આશ્રય શોધે છે. ત્યાં ત્હેની બ્હેનના દિયર સાથે પ્રેમમાં પડે છે. નૈતિક પતન થાય છે. અને લોક વાયકાથી ડરી ત્યાંથી બન્ને ભાગી છુટે છે. રસ્તામાં એક મારવાડીનો ભેટો થાય છે. તે ત્હે બન્નેને સિંધ હૈદ્રાબાદ તરફ લઇ જાય છે. અને યુવતીને વેચવાનો તાગડો રચાય છે. યુવતીને આ બાબતની ગંધ આવે છે. શોર બકોર કરી મૂકે છે. અને યુવતીનો કબ્જો પોલિસ લે છે.

આ બન્ને કિસ્સાઓનાં મૂળમાં અમને શિક્ષણની ખામી અને આર્થિક પરાધીનતા જણાય છે. જો એ બ્હેનોને વ્યવહારિક કેળવણી અને જીવન નિર્વાહ પૂરતી ઔદ્યોગિક કેળવણી આપવામાં આવી હોત તો ત્હેના જે હાલ થાય છે તે ન થાત. આવાં કૃત્યોમાં સ્ત્રીઓ જેટલી જવાબદાર છે ત્હેના કરતાં પુરૂષો ઓછાં જવાબદાર નથી. વર્ષોથી સ્ત્રીઓની શક્તિને દબાવવામાં આવી છે, ત્હેને કેળવણી આપવામાં આવી નથી. પુરૂષ સમાજે કેવળ પોતાની હવસ તૃપ્તિ માટેનું ત્હેને સાધન માન્યું છે. અને ઘરકામ માટે એક ગુલામડી જેવા તેની પાસેથી વર્તનની આશા સેવી છે. આ પરિસ્થિતિમાં એ કોઇ બાહ્ય તત્ત્વો પાછળ ખેંચાય એ સ્વાભાવિક છે. અને ત્હેની પાછળ અનર્થની પરંપરાઓ પ્રગટે છે. જો ત્હેને પહેલેથી જ શિક્ષણ આપ્યું હોય, સંસ્કાર સિંચન કર્યું હોય, ત્હેના જીવનનિર્વાહ પૂરતું ઔદ્યોગિક શિક્ષણ આપ્યું હોય અને ગુલામી માનસને દૂર કરી ત્હેના સ્ત્રીત્વને જાગૃત કર્યું હોય તો કદાપિ તે આવા માર્ગમાં ગમન કરે જ નહિ. પણ આમ કરવામાં પુરૂષ સમાજ સ્ત્રી પ્રત્યેના પોતાના હક્કોને નષ્ટ થતા જુવે છે અને કહે છે કે "કન્યાઓને વધારે ભણાવવાથી શું લાભ? ક્યાં ત્હેને નોકરીએ જવું છે?" ત્હેને તો ઘરકામ જ શીખવું જોઇએ!; આમ કહેનારા સ્ત્રીત્વનું અપમાન કરે છે. ઉપરોક્ત કિસ્સાઓમાં આવું માનસ જવાબદાર છે, જ્યાં સુધી સમાજ આ માનસમાં પલ્ટો નહીં કરે ત્યાં સુધી આવા કિસ્સાઓ અટકવા મુશ્કેલ છે.

આવી બાબતો મૂળથી જ જો અટકાવવી હોય તો કન્યાકેળવણી તરફ લક્ષ્ય આપવું પડશે. ત્હેને જરૂર પુરતું શિક્ષણ આપી ત્હેનામાં સામાજીક સંસ્કારોનું સિંચન કરવું પડશે અને ત્હેમ કરી ત્હેના સ્ત્રીત્વને જાગૃત કરી આર્થિક સમાનતા આપવી પડશે. આમ થશે તો જ આવા કિસ્સાઓ બનતા અટકી જશે.

અત્યાર સુધી આપણે એમ માનતા હતા કે વિધવાઓમાંથી જ આવાં અનિષ્ટો જન્મે છે, પણ ઉપરોક્ત કિસ્સાઓથી સ્હમજાય છે કે સધવાઓમાં પણ અનિષ્ટો છે પણ પતિદેવની છાયામાં એ અનિષ્ટો બહાર આવતા નથી. પતિ જ્યારે સ્ત્રી તરફ ક્રૂર બને છે ત્યારેજ આવા કિસ્સાઓ પ્રકાશિત થાય છે.

આમાં આવી ત્યક્તા બ્હેનોનો પ્રશ્ન પણ આપણે ઉકેલવો જ પડશે. આપણે વિધવાશ્રમો સ્થાપીએ છીએ તેમ આવી બ્હેનો માટે પણ એકાદ આશ્રમ સ્થપાય તો તે આશિર્વાદ રૂપ થઇ પડશે અને જે આવી ત્યક્તા બ્હેનો સમાજ નહિ સ્વીકારવાના કારણે અન્ય ધર્મી બની જાય છે ત્હેને ત્હેમ કરતાં બચાવી શકશું.

# સમાજ પરિસ્થિતિ અને યુવાનો.

લેખક : શા. રમણિક ધીઆ.

અમદાવાદને આંગણે યુવક પરિષદ ભરાઇ; અને યુવાનોના પૂર ઊલટયાં સમાજ સુધારણાના અનેક ઠરાવોની હારમાળા જોડવાઇ અને સહુ વિખુટાં પડયાં. પણ હવે શું ? સમાજની સાચી પરિસ્થિતિથી વાકેફ થવા અને તેની મુશ્કેલીઓ દૂર કરવા માટે આ એક જ પ્રશ્ન આપણી પાસે ખડો છે. જ્યાં સુધી એ પ્રશ્નનો ઉકેલ નથી ત્યાં સુધી સમાજ પરિસ્થિતિનો સાચો ખ્યાલ આપણને આવી શકવાનો નથી અને જો તેમ ન થાય તો આજ સુધીની આપણી સઘળી કાર્યવાહી નિરર્થક છે.

અન્ય સમાજો કરતાં આપણી પાસે ધનસંપત્તિ વધારે છે જ્યારે અજ્ઞાનતા અને બેકારી પણ તેવી જ છે.

શિક્ષિતોની સંખ્યા ઓછી છે જ્યારે સ્ત્રી કેળવણીનું પ્રમાણ તો તદ્દન નામનું જ ગણી શકાય.

એક બાજુ દાનપ્રવાહમાં ધર્મ અને તીર્થને નામે લાખ્ખો રૂપીઆ ખરચાય છે જ્યારે બીજી તરફ હજારો જૈનોને એક ટંક ખાવાના ફાંફાં મારવા પડે છે.

એક બાજુ સેંકડો સાધુ જમાતો પોષાય છે ત્યારે બીજી તરફ હજારો સ્વામી ભાઇઓ હડધૂત થાય છે.

સમાજની આ પરિસ્થિતિ તદ્દન અસહ્ય છે. આપણે ઠરાવો કરીને સંતોષ માનવાનો નથી. એનો યથાશક્ય અમલ કરવો ઘટે અને તે સાથે અન્યને તેમાં દોરવા રહ્યા. દાન પ્રવાહોની દિશા બદલાવવી ઘટે અને સહુ કોઇનો સાથ તેમાં મેળવવો રહ્યો.

જ્યાં સુધી સમાજની સાચી ઉન્નતિ થઇ નથી ત્યાં સુધી એની વેદી ઉપર વધુને વધુ ભોગ આપવા જ રહ્યા અને તે માટે જૈન સમાજનું ગૌરવ તાજું કરવું જ પડશે.

આજે દેશ કાળ બદલાયો છે અને તે પ્રમાણે જનતાનું માનસ બદલાય પણ તે ભાન ન ભૂલે.

આપણી નજર આગળ હિંદની આઝાદી માટે અથાગ પરિશ્રમ કરતી, અનેક યાતનાઓ વેઠતી રાષ્ટ્રીય મહાસભા મોજુદ છે. એનો ઇતિહાસ જુઓ અને અત્યાર સુધી અપાયેલા બલિદાનોનો ક્યાસ કાઢો. એ બધું તો હિંદની તેત્રીસ કરોડ જનતાને ખાતર છે. જેમાં આપણો સહુનો સમાવેશ થાય છે જ્યારે આપણી સંખ્યા તો માત્ર બાર લાખની છે. આપણે તેને માટે કમર કસવાની છે, અને છતાં આજસુધીમાં આપણે શું કર્યું ? સરવાળો કરો અને સમજશો. યુવાનોનો પ્રાણ અને ભારત વર્ષનો આત્મા વીર જવાહરલાલ આજે દેશને ખાતર ફકીર બન્યો છે. છતાં એનો ચહેરો કેટલો ભવ્ય, સ્મિત ભર્યો અને પ્રેરણાદાયક છે ? આપણે પણ તેમની પાસેથી પ્રેરણાના અમૃત પીવા પડશે. એ ન પીએ ત્યાં સુધી આપણામાં સમાજ સેવાની સાચી તમન્ના નહિ જાગે. નવું ચેતન નહિ આવે. એ વગર સમાજ ઉન્નતિ અશક્ય છે. યુવાનો એને નિહાળો. એની શક્તિ પીછાનો. અને સમાજ પ્રત્યેની તમારી ફરજ અદા કરો.

# આજનું સડતું કલેવર.

લેખક : રમણીક ધીઆ.

કોઇ મને પુછે કે જૈન સમાજ જીવતો છે કે મરેલો ? હું તો એકજ જવાબ આપું કે જૈન સમાજ અધમુવો છે. તેની પ્રત્યેક પ્રવૃત્તિ નિષ્ક્રિય છે; નિરર્થક છે. અત્યારનો દેશકાળ અને દુન્યવી પ્રગતિના આ જમાનામાં જે સમાજ તેને ન અનુસરી શકે તેને માટે આથી બીજા કયા શબ્દોની જરૂર પડે ?

આજે જૈન સમાજનું કલેવર સડી રહ્યું છે. તેનો આત્મા અવનતિના સાગરમાં ખાબડીઆ ભરી રહ્યો છે. અને ટુંકમાં સમાજની રહી સહી શક્તિ આજે છિન્નભિન્ન થઇ રહી છે.

આજે સમાજની કોઇપણ કાર્યવાહી એટલી ઉજ્જવળ અને ગૌરવભરી નથી જેથી તેને દુનિયાની પ્રગતિમાં ઉભા રહેવા સરખું અભિમાન લેવાની જરૂર પડે.

વ્યવહારિક બુદ્ધિનો જાણકાર વણિક આજે સાચો વણિક નથી. એનામાં વણિકપણું નથી. એ હોત તો આજે સમાજમાં જે અજ્ઞાનતા ઘુસી ગઇ છે તે ન હોત.

કેટલીક વખત ઉંધે રસ્તે દોરવાતો માનવી પશુ બને છે. તેની માનવતામાં પશુતાનો સમાવેશ થાય છે. પણ અહિં તો આખો એ સમાજ પશુ કરતાં પણ વધુ હલકો બન્યો છે. પશુ તો છેવટે પોતાની જાતને, માલિકને વફાદાર રહી શકે છે જ્યારે જૈન સમાજમાં તો બંધુ બંધુ મટી દુશ્મન બની જાય છે, અને તે એટલે સુધી કે તે પોતાના બંધુ સાથે કોઇ પણ જાતનો વ્યવહાર ન રાખી શકે. સાથે બેસી ન શકે. સાથે જમી ન શકે. અને અડકી પણ ન શકે. કદાચ ભૂલથી તેવું થાય તો શિક્ષાપાત્ર બની જાય છે.

એક સમય એવો હતો જ્યારે સ્વામીભાઇનું સગપણ સાચું ગણાતું. નવકાર મંત્ર ભણનાર કોઇ પણ વ્યક્તિ નવકારશીના જમણમાં ભાગ લઇ શકતી. આજે એ બધું શાસ્ત્રોના પાનામાં ઢંકાએલું છે. એનો ઉપદેશ મળે, અનુસરવાનું નહિ.

"અહિંસા પરમો ધર્મઃ" એ જૈન ધર્મનું સૂત્ર કહેવાય. અહિંસા અને સત્યનો ઉપાસક સાબરમતીનો સંત એને મુક્તિ સંગ્રામનું મહાન શસ્ત્ર બનાવે. છતાં જૈનો એને માન્ય ન કરી શકે. કારણ ? એમના મહાવ્રતધારી મુનિઓની આજ્ઞા.

દેશકાળ અનુસાર સમાજમાં પરિવર્તન થઇ શકે. જૈન સમાજ પણ તેને વધાવી શકે પણ તેની આગળ અને પાછળ બે વિરાટ અવરોધક શક્તિઓ પડી છે.

આગળ પૂર્વજોને ડગલે અને પગલે ચાલી આવતી એક કાળે જૈનધર્મની ગૌરવવંતી સાધુની જમાત ઉભી છે. જ્યારે પાછળ એમનો પડતો બોલ ઝીલતા પ્રાચીન પ્રણાલિકાના શૂખ્ખા લક્ષ્મીનંદનોનું લશ્કર ખડું છે. આ બેની વચ્ચે આજનો સમાજ જકડાઇ ગયો છે. રહેંસાઇ રહ્યો છે. એનું યુવક માનસ પરાધિનતાના ખપ્પરમાં નિષ્પ્રાણ બનતુ રહ્યું છે. એનો આત્મા કકળી રહ્યો છે. એના હૃદયમાંથી ધગધગતી વરાળો ભભૂકી ઉઠે છે.

આજે જગતમાં દાવાનળ સળગ્યો છે. ક્રાન્તિના દર્શન દુનિયાની પરાધીન પ્રજાને થવા લાગ્યા છે. હિન્દ તેમાંથી મુક્ત નથી. હિન્દની કરોડો રીબાતી પીસાતી જનતા મુક્ત નથી તો પછી જૈન સમાજ પણ કેવી રીતે મુક્ત રહી શકે !

કરોડોમાં એનો પણ અંતરનાદ તો ખરો ને !

# હું એ ટોળા માંહેની નથી.

'શેષ પ્રશ્ન' નામે શ્રી શરદ્‌બાબુની છેલ્લી વાર્તા કૃતિ છે. પોતાના પરિપક્વ વિચારોથી એ સાહિત્ય શિરોમણિએ રચેલું આ નારી ભાવનાનું ચિત્ર નિહાળવા જેવું છે. એમ તેના અનુવાદક શ્રી સુશીલ કહે છે. અને પોતાની રસીલી ભાષામાં ગુજરાતી અનુવાદ કરી ફુલછાબના તા. ૨૯: નવેમ્બરના અંકમાં પ્રગટ કરેલ છે. અહિં તેનું સંપૂર્ણ અવતરણ કરેલ છે. ... ... ... ... ... **તંત્રી.**

**એકનિષ્ઠ પ્રેમ**

" આગ્રાના આ તાજમહાલના વિષયમાં હું કંઇ વિશેષજ્ઞ હોવાનો દાવો નથી ધરાવતો. સૌંદર્યતત્વના મૂળાક્ષર પણ નથી જાણતો. એ દૃષ્ટિએ તાજમહાલ હું નથી જોતો. મને તો એમાં સમ્રાટ શાહજહાન દેખાય છે. શાહજહાનની અનંત વેદના જાણે કે તાજમહાલના પત્થરે પત્થર ઉપર અંકાઇ ગઇ હોય એમ મને લાગે છે. તાજમહાલના શિલ્પમાં પણ હું બીજું કંઇ નથી નીહાળતો —નીહાળું છું એનો એકનિષ્ઠ પતિપ્રેમ: શબ્દો વડે નહીં—પત્થરના અક્ષરો વડે એક અમર મહાકાવ્ય લખીને એ વિદાય થયો હોય એમ મને દેખાય છે." અજીતોરી તાજમહાલના ઉદ્યાનમાં બેસીને તાજમહાલ તરફનો પોતાનો ભક્તિભાવ બતાવ્યો.

શ્રીમતી કમલાએ કહ્યું: પણ સાંભળવા પ્રમાણે શાહજહાનને ઘણી બેગમો હતી. મમતાજ વિષે એને જે પ્રેમ હતો એવો જ બીજી દશ બેગમ વિષે પણ હોઇ શકે છે. મમતાજનું આકર્ષણ, ધારો કે કંઇક વિશેષ હશે, પરંતુ એને એકનિષ્ઠ પ્રેમ કહેવાય જ નહીં."

કમળાએ સૌને મૌન જોઇને આગળ ચલાવ્યું: "સમ્રાટ ભાવનાશીલ હતો, કવિ હતો; એ પોતાની શક્તિ, સંપત્તિ અને ધર્મને અંગે આવી એક વિરાટ સૌંદર્યની વસ્તુ મૂકી ગયો. મમતાજ તેના એક આકસ્મિક નિમિત્ત માત્ર હતી. એ નિમિત્ત ન મળ્યું હોત તો યે બીજા કોઇ નિમિત્ત આવી કોઇ રચના કરી જાત. ધર્મને નિમિત્ત બનાવ્યો હોત તો પણ કંઇ ખોટું નહોતું. જેની અંદર હજારો—લાખો માનવોનો સંહાર થાય છે એવા એક દિગ્‌વિજયના સ્મારકરૂપે પણ એ આવું કંઇક મૂકી જાત. તાજમહાલ, એકનિષ્ઠ પ્રેમનું દાન છે એમ નહીં, બાદશાહના પોતાના આનંદ—જગતનું એક અક્ષયદાન છે, એજ માન્યતા મને તો ઠીક લાગે છે."

" નહીં, નહીં, બીલકુલ નહીં, કમલા! આની અંદર સમ્રાટનો એકનિષ્ઠ પ્રેમ ન હોય તો પછી આ મહાન સ્મૃતિમંદિરનો કંઇ અર્થ જ નથી. એ ગમે તેવી સૌંદર્ય સૃષ્ટિ ખડી કરે પણ તે માનવ હૃદયની આંતરિક શ્રદ્ધા તો ન જ મેળવી શકે. લોકહૃદયમાં એ શ્રદ્ધાનું આસન લઇ જ ન શકે."

" તો તો એ મનુષ્યની મહત્તા જ ગણાય, નિષ્ઠાનું મૂલ્ય નથી એમ હું નથી કહેતી. હું એમ કહેવા માગું છું કે હજારો વર્ષો થયા નિષ્ઠ ને લોકો જે મહત્વ આપતા આવ્યા છે તે એનું યથાર્થ મૂલ્ય નથી. એકના પ્રત્યે જે અનુરાગ ઉપજ્યો તેમાં કોઇ દિવસ કોઇ પણ કારણે પરિવર્તન જ ન આવે એ અચળ—અટળ જડધર્મ છે અને તે જેમ સુખદ નથી તેમ સુંદર પણ નથી."

શ્રોતાઓને કમળાનાં આ વાક્યો ન રૂચ્યાં. એક જણ બોલ્યો: "તમારે માટે એમ હશે. અમને તમારા વિચાર ગોઠતા નથી."

"ઘણા દિવસના જડમૂળ ઘાલી બેઠેલા સંસ્કારોને જ્યારે આઘાત લાગે છે ત્યારે તે અસહ્ય થઇ પડે છે. પણ તમે જે એમ કહ્યું કે મારા માટે એ બરાબર હશે તે વાતની સાથે હું સમ્મત છું. મને એ સ્વાભાવિક લાગે છે. મારા દેહ અને મનમાં યૌવન ઉભરાય છે. જે દિવસે મને એમ લાગશે કે જરૂરત પડવા છતાં હું પરિવર્તન કરવાની શક્તિ ગુમાવી બેઠી છું તે દિવસે હું મારો અંત આવ્યો છે—હું મરી ગઇ છું એમ જ માનીશ.

**સ્મૃતિ પૂજા.**

"એક દિવસે તમે તમારી પત્નિને ચાહતા, આજે તે હૈયાત નથી. આજે તમે એને કંઇ આપી શકતા નથી. એને સુખી કરી શકતા નથી તેમ એને દુઃખ પણ દઇ શકતા નથી. કારણ કે એ પોતે જ નથી. પ્રેમનું પાત્ર માટીમાં મળી ગયું છે, માત્ર એને એક દિવસે તમે ચાહતા હતા એ ઘટના બાકી રહી ગઇ છે. માણસ નથી, એની સ્મૃતિ રહી છે. એ સ્મૃતિને જ પાણી પોષીને ઉછેરવી, વર્તમાન કરતાં ભૂતકાળને વધુ સ્થિર માની જીવન વીતાવવું એ કોઇ મહાન આદર્શ હોય એમ મને નથી લાગતું."

"પણ આપણા દેશની વિધવા પાસે તો એ સ્મૃતિ જ જીવનનું ભાતું બની રહે છે. સ્વામિના મૃત્યુ પછી એ સ્મૃતિ જ વિધવા જીવનની પવિત્રતાને અખંડિત રાખે છે. તમે એ વાત નથી સ્વીકારતા ?"

"નહીં." કમળાએ જવાબ આપ્યો; "મોટું નામ આપવાથી કોઇ વસ્તુ સાચેસાચ સંસારમાં મહાન બની જતી નથી. એના કરતાં તો તમારે એમ કહેવું જોઇતું હતું કે આ દેશમાં એ રીતે જ વૈધવ્યજીવન વીતાવી શકાય—એ જ અહિંનો વિધિ છે. હું તો એનો અર્થ એવો કરું છું કે મિથ્યાને સત્યનું ગૌરવ આપી લોકો એક પ્રકારની જંજાળ વધારે છે. હું એ ગાથામાં નથી માનતી."

**સંયમ : શબ્દમોહ—**

"વિધવાનું બ્રહ્મચર્ય તમે નથી માનતા ? બ્રહ્મચર્યની વાત જવા દો. મૃત્યુ પર્યંતના સંયમી જીવનમાં જે એક પવિત્રતાની મર્યાદા રહેલી છે તે પણ તમે નથી માનતા ?"

કમળા સ્હેજ હસી અને બોલી: "ભાઇ, એ શબ્દોનો મોહ છે. 'સંયમ' શબ્દ લાંબા સમયથી એટલો બધો સન્માન પામતો આવ્યો છે અને એને લીધે એટલો મોહક બન્યો છે કે એને ક્યારે, ક્યાં, શા માટે બેસારવો એ ભૂલી જવાયું છે. એ શબ્દો ઉચ્ચારો એટલે હજારો માણસોનાં માથાં એક સાથે નમી જાય. હું એ ટોળા પૈકીની નથી. ક્યારે એ શબ્દ ખોટો બને છે તે કળી જઉં છું,

કાળના આરંભથી અમુક એક વાત ચાલી આવે છે માટે તે માની જ લેવી જોઈએ એ હું પસંદ કરતી નથી. સ્વામિની સ્મૃતિના આધારે જીવન વીતાવવું એ સ્વતઃ સિદ્ધ પવિત્રતા મનાતી હોય તો પણ હું તો પ્રમાણ સાથે એનું પૃથક્કરણ કર્યા વિના ન રહું."

**શુદ્ધતા : દેહની ને મનની**

"મારી સ્ત્રી-ગુજરી ગઈ, તે પછી એના સ્થાને બીજી કોઈ સ્ત્રીને બેસારવાની મને તો કલ્પના સરખી પણ નથી આવતી. એમાં પવિત્રતા કે અપવિત્રતાનો કોઈ પ્રશ્ન નથી ઉઠતો. મારા માટે એ વાત સ્વાભાવિક બની ગઈ છે, એનું શું કારણ ?"

"કારણ કે હવે આપ વૃદ્ધ થયા છો."

"આજે વૃદ્ધ થયો હોઇશ. પણ તે દિવસે કાંઈ હું વૃદ્ધ નહોતો. એ વખતે પણ મને એ વાત નહોતી રૂચતી."

"તે દિવસે પણ આપ વૃદ્ધ હતા. દેહે નહીં તો મને. કેટલાક માણસો જ એવા હોય છે કે જે વૃદ્ધ મન લઈને જગતમાં જન્મે છે. બુઢા મનની આજ્ઞા આગળ દુર્બળ-વિકૃત યૌવનવાળાનાં માથાં ઝુકેલાં જ રહે છે. જ્યાં જરી જેટલી ગડમથલ નથી, જ્યાં નામ માત્રની પણ ધમાલ નથી ત્યાં એ લોકોને પરમ શાંતિ વિલસતી દેખાય છે. પછી તો એને જુદી જુદી જાતનાં સુંદર વિશેષણોથી શણગારવામાં આવે છે. પણ એ કંઇ જીવનનાં જયવાદ નથી".

**વૃદ્ધત્વની વ્યાખ્યા**

"તમે વૃદ્ધ મન કોને કહો છો ? જોઈ તો ખરો કે એની સાથે મારા મનનો કોઈ મેળ મળે છે કે નહીં ?"

"જે મન પોતાની સામેની દિશામાં જોઇ શકતું નથી. થાક કે કંટાળાને લીધે ભવિષ્યની સમસ્ત આશાઓને તિલાંજલી આપી માત્ર ભૂતકાળની અંદર જ પડી રહેવા માંગે છે, જગત સાથેની બધી લેણદેણ પૂરી થઇ ગઇ હોય એમ માને છે, તેને હું વૃદ્ધ મન કહું છું. એની પાસે વર્તમાન શૂન્ય અને અનાવશ્યક બને છે, ભવિષ્ય અર્થહીન રહે છે, ભૂતકાળને જ એ સર્વસ્વ સમજે છે. ભૂતકાળના આનંદ. ભૂતકાળની વેદના એ એની મુખ્ય મુડી બને છે. એ મુડી-માંથીથોડો થોડો ખરચ કરી, જીવનના બાકીના દિવસો પૂરા કરે છે. હવે, આપ એ મનની સાથે સરખામણી કરી જુઓ, જોઇએ !"

* * *

એક યુવાન-અજિતકુમાર આ સાંખી શકયો નહીં. ગુસ્સામાં એ કંઇક બોલવા જતો હતો, પણ "મીસીસ..." એટલા શબ્દો પૂરા ન નીકળ્યા એટલામાં જ કમલા બોલી:

"મને કોઈ વિશેષણની જરૂર નથી. માત્ર કમળા કહો તો બસ છે."

**નામનો શણગાર.-**

"મા-બાપ નામ પાડે છે તે ઓળખાવવા કે બોલાવવાની જ ખાતર. મને કોઈ કમળા કહીને બોલાવે તો એમાં કંઇ જ ખોટું નથી.......પણ હા, કેટલાકોને એવી આદત પડી ગઈ હોય છે કે એમને પોતાનું કોરું નામ સાંભળવું નથી ગમતું. નામના શબ્દોને સરસ રીતે શણગારે ત્યારે જ એમને આનંદ થાય. રાજાઓ પોતાના નામની આગળ-પાછળ કેટલા નિરર્થક શબ્દો જોડે છે ? કેટલાકોને શ્રી વગર નામમાં મીઠાશ જ નથી લાગતી.

એ પછી વિવાહવિધિને અંગે વાર્તાલાપ આગળ ચાલ્યો. કમળાએ શિવનાથની જોડે શૈવ વિધિથી લગ્ન કર્યું હતું એમ કહ્યું.

**વિધિના બંધન.-**

"પણ આ શૈવ વિવાહવિધિ આજે આપણા સમાજમાં પ્રચલિત નથી. આવતીકાલે તમારા સ્વામી વિવાહનો અસ્વીકાર કરે તો તમે એ શૈવવિધિને શી રીતે કાયદેસર પુરવાર કરી શકો ?"

"એ ખુલ્લો અસ્વીકાર કરે અને હું એમની પાસે પરાણે સ્વીકાર કરાવવા, બીજાની આગળ ન્યાય માગવા જાઉં એના કરતાં તો મળાકાંસો શું ખોટો ?"

"આત્મહત્યા જેવું બીજું મહાપાપ કયું છે ?"

"પાપ ભલે રહ્યું. પરન્તુ હું આત્મહત્યા કરીશ એવી કલ્પના કદાચ મારા વિધાતા પુરૂષે પણ નહીં કરી હોય."

"તમારા જેવી નારીને એ જ ઉદ્‌ગાર શોભે છે." આચુબાબુએ કમળાને આશ્વાસન આપ્યું."

પોતાના સ્વામી તરફ જોઇને કમળા કહેવા લાગી:

"એ પોતે મને તરછોડી કાઢે અને હું એમના પગ આંસુઓથી ધોયા કરૂં-સત્ય તળીયે ડુબી જાય અને જે અનુષ્ઠાનને હું નથી માનતી તે અનુષ્ઠાનના દોરડાથી એમને બાંધી રાખું એ મારાથી બની શકે ?"

* * *

"સત્ય મહાન છે, પણ અનુષ્ઠાન-વિધિ સાવ ખોટા નથી." એના જવાબમાં કમળા બોલી:

"ખોટા છે એમ હું કયાં કહું છું ? પ્રાણ સત્ય છે તેમ દેહ પણ સત્ય છે. પરંતુ પ્રાણ ચાલ્યા જાય પછી ?"

—શ્રી સુશીલ.

# શ્રી જૈન યુવક મહામંડળ

## વર્કીંગ કમીટિની બેઠકનો હેવાલ.

મુંબઇ તાઃ ૧૮-૧૨-૩૬ શુક્રવારના રોજ મહામંડળની વર્કીંગ કમીટિની એક મીટિંગ સાંજના.૬॥ વાગે (સ્ટા. ટા.) મુંબઇ જૈન યુવક સંઘની ઓફિસમાં શ્રી ધીરજલાલ ટોકરશી શાહના પ્રમુખ પદે મળી હતી. જેમાં નીચે મુજબ કામ કરવામાં આવ્યું.

(૧) મહામંડળનું કાર્ય જૈન યુવક પરિષદે ઉપાડી લીધેલ હોવાથી મહામંડળને વિસર્જન કરવા માટે મહામંડળ સાથે જોડાયલી સંસ્થાઓના લેખીત અભિપ્રાયો મંગાવેલા, ઘણા અભિપ્રાયો મહામંડળને વિસર્જન કરવા માટે આવેલા હોઈ કાર્યવાહક સમિતિએ સર્વાનુમતે મહામંડળને વિસર્જન કરવા ઠરાવ્યું.

(૨) શ્રી મહારાષ્ટ્ર જૈન યુવક સંઘ. નાશિક. બાળલગ્નને અંગે શારદા એકટના ભંગ માટે એક કેસ કરેલો તેમાં થયેલ ખર્ચ માટે રૂ. ૨૫) ની માગણી કરવાથી લોન તરીકે આપેલા રૂપીયામાંથી રૂ. ૨૫ા બાકી રહ્યા હતા તે માંડી વાળવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૩) જોડાએલી સંસ્થાઓના મહામંડળની બેલેન્સ પરિષદને આપવા માટેના અભિપ્રાયો આવવાથી મહામંડળની પાસે બેલેન્સ રૂા. ૩૫૨-૧૦-૦ છે તે શ્રી જૈન યુવક પરિષદને તેના કાર્યને આગળ ધપાવવા માટે સોંપી દેવાનું ઠરાવ્યું.

(૪) સેક્રેટરીઓ તરિકે ભાઇ જમનાદાસ અમરચંદ ગાંધી અને ભાઇ મણીલાલ. એમ. શાહે કરેલા કામ માટે આભાર માનવાનો ઠરાવ કર્યો.

બાદ પ્રમુખસાહેબે મીટિંગ બરખાસ્ત કરી.

# આટલું તો જાણજો.

—છેલ્લી જગદ્વ્યાપી મંદીના શરૂઆતના પાંચ વર્ષ દરમીયાન જગતને ૧૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ ડોલરનું નુકશાન ગયું છે. મંદી દરમ્યાન કેટલાયે કારખાના બંધ થયા અને લાખો માણસો બેકાર બન્યા. આવી રીતે નકામી થઇ પડેલી શકિત અને કામના દિવસો ઉપરથી આ નુકશાનના આંકડાની ગણત્રી કરવામાં આવી છે. એટલી રકમમાંથી સહકારી ઉત્પાદક બળોની સ્થાપના થઇ શકે. જગતના બેકારોને રોજી આપી શકાય. સમાજની યોગ્ય જરૂરીયાતો સંતોષી શકે. ત્હેવો અને તેટલો માલ ઉત્પન્ન કરનારાં સહકારી કારખાનાઓ અને ઉદ્યોગોનો આટલી રકમમાંથી સુંદર રીતે નિભાવ થઇ શકે. અને સમાજનું આર્થિક ધોરણ ઉંચું લઇ જઇ શકાય.

**—આર્થિક સામ્રાજ્યવાદ જ યુદ્ધનું મૂળ કારણ છે.**

—ગત મહાયુદ્ધમાં ત્રણ કરોડ માણસોએ જાન ખોયા. અને તે ઉપરાંત ૪૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ ડોલરનો ધુમાડો થયો. જગતે આર્થિક મંદીથી જે નુકશાન સહન કર્યું તે તો યુદ્ધના નુકશાનનો ચોથો ભાગ જ છે. આટલી રકમથી શું થઇ શકે ? ત્હેનો હિસાબ મુકતા જણાય છે કે આ રકમમાંથી ૨૫૦૦ ડોલરની કિંમતનું એક ઘર, એક હજાર ડોલરની કિંમતનું ફરનીચર અને પાંચ એકર જમીન, અમેરિકાના સંયુકત રાજ્યો, કેનેડા, ઓસ્ટ્રેલિઆ, બ્રિટીશ ટાપુઓ, બેલ્જીઅમ, જર્મની અને રશીઆમાં વસતા દરેક કુટુંબને આપી શકાય. છતાંય ત્હેમાંના નાણા વધશે એ દેશોમાં વીશ હજારથી વધુ વસ્તીવાળા દરેક શહેરોને ૫૦૦૦૦૦૦ ડોલરની કિંમતની લાયબ્રેરીની અને ૧૦૦૦૦૦૦૦ ડોલરની કિંમતની યુનિવર્સિટી ભેટ ધરી શકાય. હજુપણ એ રકમમાંથી વધારો બાકી રહેશે તે વડે યુદ્ધપહેલાંની ફ્રાંન્સ અને બેલ્જીઅમની બધી મિલ્કત ખરીદી શકાય. એમ કોલંબીયા યુનિવર્સિટિના પ્રમુખ નિકોલસ મુરે બટલર જણાવે છે.

—ચીન, રશીયા, જર્મન, ઓસ્ટ્રીયા, સ્પેન અને એબીસીનીયા વગેરેના શહેનશાહોએ ગાદી ગુમાવ્યા પછી નીચેના રાજાઓ હજુ પણ જુદા જુદા રાજ્યોની સત્તા ધરાવે છે.

બ્રેટબ્રિટનમાં છઠ્ઠા જ્યોર્જ, ઇટાલીમાં વીકટર ઇમેન્યુઅલ ત્રીજો, સ્વીડનમાં ગુસ્ટાફ પાંચમો, નોર્વેમાં હાકોન સાતમો, ડેન્માર્કમાં ક્રિશ્ચીયન દશમો. બેલ્જીયમમાં લીયો પોલ્ડ ત્રીજો, રૂમાનીઆમાં કેરોલ બીજો, યુગોસ્લાવીયામાં પીટર બીજો (એલેકઝાંડરના ખૂન પછી ગાદીએ આવેલો તેનો અગીયાર વર્ષનો બાળ રાજા) આલ્બેનીયામાં ઝોગ, જાપાનમાં હીરોહીટો. ઇજીપ્તમાં ફુઆદ બીજો, અફઘાનીસ્તાનમાં મહમદ ઝહીરખાન. ઇરાનમા મીરઝા રેઝાખાન પહેલવી, મંચુકુઓમાં રાજા તેહ, અને સીયામના બાળરાજા આનંદ મહીદલ, હિન્દના સંખ્યાબંધ તાજધારીઓનો આ નામાવળીમાં ઉમેરો કરી શકાય તેમ નથી, કારણ કે સાર્વભૌમત્વ અને સર્વોપરિપણા માટે મથતા એ રાજાઓ સ્વતંત્ર ગાદીપતિઓ નથી. પરંતુ બ્રિટિશ હકુમત તળે નિયંત્રિત અધિકારો સાથે રાજ્ય સંભાળે છે.

—ઝારની આપખુદી અને ત્હેના અત્યાચારોના વિરોધ તરીકે દુનિયામાં સૌથી મોટી હડતાળ સન્ ૧૯૦૫ માં રશીઆમાં પડી હતી. અને નિકોલસ બીજા પાસેથી આપખુદ સત્તા છીનવી લઇને બંધારણીય સરકારની સ્થાપના કરી હતી. ફકત ચાર દહાડામાં જ આ હડતાળ સફળ થઇ હતી.

—માજીસમ્રાટ્ આઠમા એડવર્ડ ડયુક ઓફ વીન્ડસર બનીને વીએના તરફ ઉપડી ગયા છે.

—અમેરિકન સરકારે યુદ્ધમાં ઉતરવાની વાતને ફગાવી દેવી જોઇએ એ જાતની માંગણી અમેરિકા ખંડના દશ લાખ માણસોએ પેન અમેરિકન સુલેહ પરિષદ સમક્ષ રજુ કરી છે.

—દેશભકત બેરીસ્ટર વિનાયક સાવરકરને રત્નાગીરી જિલ્લામાં રહેવાનો હુકમ કેટલાય વર્ષોથી થયેલો છે. એ હુકમની મુદત આ માસમાં પૂરી થતી હોવાથી ત્હેમને રત્નાગીરી જિલ્લામાં રહેવાના ફરમાનની મુદત બે વર્ષ વધારી છે.

જર્મન રીશ અને જર્મન પ્રજા પ્રત્યેની વફાદારીના અભાવથી જર્મનની પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા બદલ ૯૩ જર્મનો જેમાં પ્રતિષ્ઠિત સાહિત્યકારો પણ છે. ત્હેમને સ્વદેશ ખાતાના એકવટ હુકમદ્વારા જર્મન શહેરીપણાના હકકમાંથી બાતલ કરવામાં આવ્યા છે. આ માણસોના નાણાં, મકાન, મીલ્કત વગેરે જપ્ત થયાં છે.

—નામદાર શહેનશાહ અને રાણી એલિઝાબેથ સન. ૧૯૩૮ ના જાન્યુઆરી માસમાં તાજપોશી માટે હિંદમાં પધારશે. અને બે મહીના ગાળવાનો ઇરાદો રાખે છે.

—જાપાન અને જર્મનીએ જો યુદ્ધ જાગે તો મંચુકુઓમાં જંગી પાયા પર પ્રવાહી કોલસો, પેટ્રોલ અને સ્ફોટક પદાર્થો બનાવવાની એક સંયુકત યોજના અમલમાં મુકવાનો નિર્ણય કર્યો છે.

—મુંબઈ સાથેનો કચ્છનો વિમાની વ્યવહાર શરૂ કરવાની કચ્છ રાજ્યની એક વિશાળ યોજનાની પ્રાથમિક તૈયારીઓ સંપૂર્ણ થઇ છે. તેના પેહલા પગલા તરીકે ટુંક સમયમાં મુંબઇથી પહેલું વિમાન ભુજ ખાતે આવી જશે. ગોઠવણો મુજબ દર મંગળવારે સવારના ભુજનું વિમાન મુંબઇથી રવાના થશે અને લગભગ ચાર કલાકમાં જ બધો પ્રવાસ પૂરો કરશે. અને દર શુક્રવારે બપોરે ભુજથી રવાના થઇ તે જ દિવસની સાંજે મુંબઇ પહોંચી જશે.

—મુંબઇની યુનિવર્સિટિએ આ વર્ષની મેટ્રીકની પરિક્ષાનું પરિણામ બહાર પાડયું છે ત્હેમાં ૨૧ ટકા વિદ્યાર્થીઓ સફળ થયા છે જ્યારે ગયે વર્ષે ૨૮ ટકા પરિણામ બહાર પડયું હતું.

—દિલ્લીમાં ૫૦૦ હરિજનોએ તા. ૧૭ મીના રોજ શીખધર્મનો સ્વીકાર કર્યો છે.

સ્પેનના આંતરવિગ્રહમાં બળવાખોરો હજુ સફળ થયા નથી સ્પેનનું સરકારી લશ્કર પાટનગરનું અદ્ભુત રીતે રક્ષણ કરી રહેલ છે. અને તેથી બળવાખોરોને પીછે હઠ કરવાની ફરજ પડી છે.

—સીસીલીયા ખાતે સિનોર મુસોલીનીએ આપેલ ભાષણમાં કાયમી સુલેહ શાંતિની કલ્પિતવાતમાં પોતાનો અવિશ્વાસ જાહેર કર્યો હતો.

જર્મનીમાં આર્થિક સ્થિરતા જાળવવા પ્રધાનમંડળે એવું ફરમાન કર્યું છે કે જે લોકો પરદેશમાં મીલ્કત રાખે અગર મોકલી આપે તેને દેહાંતદંડની સજા થશે.

# જૈન સંસ્કૃતિ.

લેખક:—
ચીમનલાલ દ, શાહ

સંસ્કૃતિ એ સંસ્કૃત શબ્દ છે અને તેનો શાબ્દિક અર્થ સંસ્કાર પામેલ યા સુધરેલ ક્રિયા યા કાર્ય થાય છે. તે તેના આ અર્થમાં ભાગ્યે જ વપરાય છે, પરંતુ તેના વધારે વ્યાપક અને રૂઢ અર્થમાં તે પ્રચલિત છે. તેના વ્યાપક અને રૂઢ અર્થમાં સંસ્કૃતિથી ઇતિહાસ સાહિત્ય, તત્ત્વજ્ઞાન, આચાર, વિચાર, શિલ્પ આદિનો વિકાસ સમજાવવામાં આવે છે.

દરેક પ્રજા, જ્ઞાતિ, કોમ યા સંપ્રદાયની જુદી જુદી ખાસિયતો હોય છે અને તે ખાસિયતો તે તે પ્રજા જ્ઞાતિ, કોમ યા સંપ્રદાયની ટેવો, જરૂરિયાતો, રૂઢિઓ આદિ નિર્માણ કરવામાં મુખ્ય ભાગ ભજવે છે. આ ટેવો, જરૂરિયાતો અને રૂઢિઓ તેના ઇતિહાસ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, આચાર વિચાર અને શિલ્પ ઘડવામાં મદદ રૂપ છે, દરેકની જુદી જુદી ખાસિયતો હોવાનું કારણ સ્વભાવ અને આસપાસનું વાતાવરણ એ છે. આ ઉપરથી દરેક પ્રજા યા કોમની, જ્ઞાતિ યા સંપ્રદાયની સંસ્કૃતિનું મૂળ શું છે તે કલ્પી શકાય.

આગળ કાંઇ પણ લખતાં પહેલાં એટલી સ્પષ્ટતા કરવાની આવશ્યકતા છે કે આ લેખમાં દર્શાવાતા વિચારો કોઇ પણ વ્યક્તિ યા સંસ્થા પર આક્ષેપ કરવાના ઇરાદાથી લખ્યા નથી; પરંતુ આજના સમાજના મોટા ભાગનું જે ચિત્ર આપણી સમક્ષ તરવરે છે અને દેખાય છે તેનું તાદૃશ્ય નગ્ન ચિત્ર માત્ર છે. સમાજના વિચારશીલ માણસો યા તેના ગણાતા નાયકો સમાજની મૂળભૂત ન્યુનતાઓ, ભૂલો યા દોષો જુએ, વિચારે અને તેવી ભૂલો આદિ ફરી ન થાય તે માટે વૃત્તિ કેળવે તે દૃષ્ટિએ આ વસ્તુ સમાજ સમક્ષ મુકવામાં આવી છે.

વિશ્વમાં પ્રવાહની દૃષ્ટિએ જૈન સંસ્કૃતિ અનાદિ અનંત છે; પરંતુ ભરતક્ષેત્રની અપેક્ષાએ તે આદિ સાંત છે. આ આપણી માન્યતા છે. ભ૦ ઋષભદેવ યા આદિનાથ એ આ સંસ્કૃતિના આદ્યદાતા પુરૂષ છે અને અમુક સમયે જૈન સંસ્કૃતિનો લોપ થશે એ શાસ્ત્ર વચનો ભરતક્ષેત્ર પૂરતા છે.

ભ૦ આદિનાથે તે કાળ અને તે સમયની પ્રજાને અનુકૂળ સમય પ્રાપ્ત થયે કુંભકાર આદિ પાંચ શિલ્પો, અસિ (તરવાર), મસિ (ખડિયો અને કલમ) અને કૃષિ (ખેતી) આદિ વ્યવહાર, રાજનીતિ, લગ્ન આદિ સંસ્કાર, સ્ત્રી પુરૂષની કળાઓ, ગણિત આદિ વ્યવહારુ શાસ્ત્રો આપ્યાં, ભરતક્ષેત્રની અપેક્ષાએ સંસ્કૃતિનું આ બીજ; આ બીજને ફાલવા ફુલવા માટે તેમણે પૂરતો સમય આપી સમાજને કેળવ્યો અને અનુકૂળ સામગ્રીઓ નિપજાવી. કાળક્રમે સંસ્કૃતિને વ્યાપક રૂપે પ્રજા સન્મુખ મુકવા તેમણે ત્યાગ માર્ગ સ્વીકાર્યો. ભ૦ આદિનાથ ત્યાગમાર્ગ સ્વીકારે છે ત્યારથી કોઇની પણ મદદ વિના નિરપેક્ષ જીવન જીવી બતાવે છે; એટલું જ નહિ પરંતુ પોતાનો ઘણો ખરો સમય ચિંતન, મનન અને નિદિધ્યાસનમાં વ્યતીત કરે છે. આના પરિપક્વ ફળ તરીકે તેમના આત્માનો સંપૂર્ણ વિકાસ થાય છે. આપણી પારિભાષિક ભાષામાં કહીએ તો તેમને કેવળ-જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ વિકાસ પોતે શા માટે અને શી રીતે સાધ્યો તે સત્ય તે કાળ અને તે સમયની પ્રજા સન્મુખ મુકવા તે પ્રચારક બને છે. આમ પોતે જે સંસ્કૃતિ પહેલાં રજુ કરી હતી તે અપૂર્ણ હતી તે જણાતાં પોતે તે સંસ્કૃતિ પૂર્ણ કરવા અને જાણવા માટે પુરૂષાર્થ કરે છે અને તે જાણવા અને મેળવ્યા પછી તેના પ્રચારક બને છે. પ્રચારક બની તેઓ આપણને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતો, વિશ્વબંધુત્વની ભાવના, સમભાવ, આત્મબળ પર અખૂટ શ્રદ્ધા આદિ માત્ર ઉપદેશ રૂપે નહિ, પરંતુ તે ઉપદેશ વચનો જીવનમાં જીવી બતાવી સંસ્કૃતિનાં ઊંડા મૂળ તેઓ રોપે છે. જૈન સંસ્કૃતિનું હાર્દ આ છે.

આજે આપણે જૈન સંસ્કૃતિ એ શબ્દથી અજાણ રહ્યા છીએ, કારણ કે આપણે સંસ્કૃતિને ધર્મ, કોમ, સંપ્રદાય એ સાંકડા અર્થમાં ઘસડી ગયા છીએ. આજે આપણે સંપ્રદાય, કોમ, ધર્મની વૃદ્ધિની ઇચ્છા કરીએ છીએ, પરંતુ તેમાં કાંઇ સમાજ ઉપર ઉપકાર કરવાની ભાવના નથી. જૈન સંસ્કૃતિનો વિકાસ તો જ થાય કે જો તેના પ્રચારકો એ સમભાવ અને વિશ્વબંધુત્વની ભાવના જીવનમાં ઉતારી શકે. અન્ય તીર્થંકરો પણ ભ૦ આદિનાથનો માર્ગ અનુસર્યાનો પરંપરાગત શ્રુતનો પૂરાવો છે. ભ૦ પાર્શ્વનાથ અને ભ૦ મહાવીરના આદર્શ જીવનને લગતા કેટલાક ઐતિહાસિક પૂરાવા સાંપડી શકે છે કે જે પૂર્વ અને પશ્ચિમ એ બેય દેશોના વિદ્વાનોને સ્વીકાર્ય છે.

ભ૦ મહાવીર પછી ટૂંક જ સમયમાં આપણો હ્રાસ શરૂ થાય છે. જૈન સમાજ હ્રાસ યા વિકાર શબ્દથી ભડકે છે. જે ઇતિહાસ પરંપરાગત છે અને હરહંમેશ સાંભળીએ છીએ તેમાંથી નીતરતું જે પરિણામ એ એક શબ્દમાં આપવું હોય તો તે એક જ શબ્દ આ વાપરી શકાય તેમ છે. આપણી કોમ પોતાનો ઇતિહાસ સાંભળે છે અને ભૂલી જાય છે અથવા તો તેને લગતો વિચાર કરવાને પ્રયત્નશીલ નથી.

ભ૦ મહાવીર પછી માત્ર ૬૪ વર્ષે કેવળજ્ઞાન વિચ્છેદ ગયાનો. તે પછી લગભગ ૩૦૦ વર્ષે ચૌદપૂર્વમાંના છેલ્લાં ચારપૂર્વો વિચ્છેદ ગયાનો અને ત્યારપછી લગભગ ૬૦૦ વર્ષે મહેલા એક સિવાયના બાકીના બધા પૂર્વો વિચ્છેદ ગયાનો આપણો ઐતિહાસિક એકરાર છે. ઉપરોક્ત સમય દરમ્યાન જ્ઞાન સંગ્રહિત કરવાના પ્રયત્નો, શ્રમણસંઘની પરિષદ દ્વારા કરાયા પણ છે; તેમાં પણ શ્રીમદ્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના અધ્યક્ષસ્થાન નીચે મળેલ વલભીની શ્રમણસંઘ પરિષદ ઉલ્લેખનીય છે. તે પરિષદમાં પરંપરાગત ચાલી આવતા શ્રુતને વિષયવાર સૂત્રરૂપે લિપિબદ્ધ કરી વ્યવસ્થિત રૂપે લખાણના રૂપમાં મુક્યું. તે સમય દરમિયાનના ચમકતા સિતારા સમાન આ૦ સિદ્ધસેન, આ૦ હરિભદ્ર, આ૦ અભયદેવ મુખ્ય છે, ત્યારપછીના કાળમાં આ૦ હેમચંદ્ર, આ૦ હીરવિજય, ઉ૦ યશોવિજય અને વિનયવિજય તેમજ છેવટના કાળમાં શ્રીમદ્ આત્મારામજી આદિ આપણી સંસ્કૃતિના ઝળહળતા તારલાઓ છે તે નિર્વિવાદ છે.

ઉપરોક્ત આપણી સંસ્કૃતિના સંક્ષિપ્ત ઇતિહાસને જરા સૂક્ષ્મ રીતે અવલોકીએ. આજસુધી આપણે તેના હાર્દને જરાપણ સ્પર્શ્યા નથી; પરિણામે આપણે એ વિચાર નથી કર્યો કે આપણે આપણી સંસ્કૃતિના પ્રાણને સાચવ્યો છે કે માત્ર તેના જડ દેહને. —ચાલુ.

(૮)



# ગ્રામ્યજનતાના સંપર્કમાં—

## મહાસભાની અસાધારણ ફતેહ.

લગભગ બે લાખ માનવમેદિનીથી ગાજી રહેલી ફૈઝપુર મહાસભાની ૫૦ મી બેઠકે આમ જનતાનામાં અપૂર્વ ચમત્કાર કરી બતાવ્યો છે. પં. જવાહરલાલ નહેરૂના નેતૃત્વમાં અને મહાત્માજીની છાયામાં એ મહાસભાને કોઈ અનેરૂં તેજ મળ્યું હતું. તા. ૨૭ મી ડિસેંબરના દિને સાંજના સાડાચારવાગે મહાસભાની બેઠક શરૂ થઇ હતી. શરૂઆતમાં 'વન્દે માતરમ્' ગવાયા બાદ શુભેચ્છાના સંદેશાઓ વાંચવામાં આવ્યા હતા. ત્યાર બાદ સ્વાગતાધ્યક્ષ શ્રી શંકરરાવ દેવે પોતાનું સ્વાગત ભાષણ કરતાં ચાલીશ મીનિટ લીધી હતી. અને પં. જવાહરલાલ નહેરૂના નેતૃત્વમાં વિશ્વાસ જાહેર કર્યો હતો. રાષ્ટ્રપતિએ પોતાનું ભાષણ હિન્દીમાં કર્યું હતું અને પોણા બે કલાકનો સમય લીધો હતો. તેમના ભાષણમાં દુનિયાની પરિસ્થિતિ, સામ્રાજ્યવાદ અને ફેસીઝમ સ્પેનની પરિસ્થિતિ, આગામી ફેડરેશન વગેરે બાબતો તરફ દ્રષ્ટિ ખેંચી ભારતવર્ષ માટે માર્ગ સૂચન કર્યું હતું. મહાત્માજીએ પણ ભાષણ કર્યું હતું અને જણાવ્યું કે આપણા દેશમાં આપણી સરકાર જ જોઇએ. આપણે આપણી રાજકીય સ્થિતિ સુધારવાની સાથે આર્થિક સ્થિતિ પણ સુધારવી જોઈએ. મહાસભા ગામડામાં મળે એ ઇચ્છનીય છે. હિંદુ-મુસ્લીમ એકતા સંબંધી બોલતાં તેમણે જણાવ્યું કે મેં હિંદુ-મુસ્લીમ એકતાનો કાર્યક્રમ આપ્યો પણ તે સંપૂર્ણ પળાયો છે ? મ્હેં તમોને અસ્પૃશ્યતા નિવારણનો કાર્યક્રમ આપ્યો પણ તેનો તમે અમલ કર્યો છે ? અલબત્ત, ત્રાવણકોરના યુવાન નરેશે હરિજનો પરનો પ્રતિબંધ ખેંચ્યો છે પણ દેશભરના સવર્ણોનું શું ? મ્હેં વિદ્યાર્થીઓને શાળાઓ અને કોલેજો છોડવાનો, વકીલોને કોર્ટો છોડવાનો અને કાઉન્સિલરોને ધારાસભા છોડવાનો આગ્રહ કર્યો હતો તમે તેનો અમલ કર્યો છે ? છતાં પણ મ્હેં એક વ્યવહારૂ માણસ તરીકે ધારાસભા પ્રવેશના કાર્યક્રમને આશિષ આપી છે. મહાત્માજીના ભાષણ પછી બીન ચર્ચાસ્પદ પાંચ ઠરાવો કે જે જગતશાંતિ પરિષદ, બર્મા, સ્પેન, બાકાતપ્રદેશો અને કુદરતી આફતોને લાગતા હતા. તે સર્વાનુમતે પસાર થયા હતા. મહાસભા રાત્રે નવવાગે મુલતવી રહી હતી. અને આવતી કાલે સાંજે ચાર કલાકે ફરી મળશે. અત્રે ભરાયેલ સ્વદેશી પ્રદર્શનમાં મહાત્માજીએ બોલતાં જણાવ્યું હતું કે અહિં જે સભા રાખી છે તેમાં હેતુ એ છે કે તમે આ પ્રદર્શનને ખટાવો. અને તમારી દ્રષ્ટિમાં ખાદી અને ગ્રામ્ય ઉદ્યોગોના ઉત્પાદનના મૂલ્ય વધે. ગામડામાં આપણે મહાસભા ભરવાનું બળ કેળવ્યું છે અને આશા છે કે આવતા વર્ષમાં આપણું બળ વધી જશે. ધાર્યા કરતાં આ ગ્રામ્ય મહાસભામાં લોકોનો ધસારો એટલો બધો વધી ગયો છે કે સ્વાગતસમિતિ લોકોને પાછા ફરવાનું વિનવી રહી છે. પણ ઇશ્વરકૃપાથી બે ત્રણ દિવસમાં બધી પૂરતી વ્યવસ્થા થઇ જશે. ત્યારપછી છેલ્લા વીશ વર્ષમાં ખાદી હિલચાલે દેશમાં જે સ્થાન જમાવ્યું છે તેનું વર્ણન કરી ગ્રામ્ય ઉદ્યોગોને ઉત્તેજન આપી ગામડાંઓ પ્રત્યેનું પોતાની ફરજોનું લોકોને ભાન કરાવ્યું હતું-તિલકનગરમાં સરહદના ગાંધી ખાનસાહેબ અબ્દુલ-ગફારખાનને તા. ૨૯ મી નવેમ્બર ૧૯૩૭ સુધી સરહદના વાયવ્ય પ્રાંતમાં દાખલ થવાની અથવા રહેવાની મનાઈ કરનારો હુકમ સરહદ પ્રાંતની સરકાર તરફથી પહોંચાડવામાં આવતાં ભારે સનસનાટી ફેલાઈ ગઈ હતી.

**વડોદરાઃ**—વડોદરા જૈન યુવક સંઘના આમંત્રણને માન આપી બીજી જૈન શ્વે. મૂ. યુવક પરિષદના પ્રમુખ શ્રી પરમાનંદ કાપડીઆ તા. ૨૦-૧૨-૩૬ના રોજ વડોદરા પધાર્યા હતા. તેઓશ્રીનું ત્યાંના યુવક સંઘે અને સંભાવિત ગૃહસ્થોએ ભાવભીનું સન્માન કર્યું હતું. બપોરના બારથી ત્રણ વાગ્યા સુધી યુવક સંઘની ઓફિસમાં સંઘના સભ્યો અને અન્ય ગૃહસ્થો સાથે વાર્તાલાપ રખાયો હતો. તેમાં ખાસ કરીને અમદાવાદ ખાતેના શ્રીયુત કાપડીઆના ભાષણ સંબંધી ચર્ચા થઈ હતી. શ્રી કાપડીઆએ તેના સંતોષકારક ખુલાસાઓ કર્યા હતા. સાંજના પાંચ વાગ્યે એક પ્રિતિભોજનનો મેળાવડો યોજાયો હતો. તેમાં સંઘના સભ્યો ઉપરાંત આમંત્રીત ગૃહસ્થોએ હાજરી આપી હતી. સાંજના સાડા સાતવાગ્યે 'સમાજની આજુ પરિસ્થિતિ' એ વિષય ઉપર ડો. પ્રાણલાલ નાણાવટીના પ્રમુખપદે શ્રી કાપડિયાએ ભાષણ આપ્યું હતું. સભા હોલ શ્રી પુરૂષોથી ચીકાર ભરાઇ ગયો હતો. કાપડીયાનું ભાષણ બહુજ મનન કરવા યોગ્ય હતું અને મોડી રાત્રે સભા વિસર્જન થઇ હતી. અત્રે સ્થળસંકોચને લઇને શ્રી કાપડીયાનું ભાષણ લઇ શકાયું નથી. આવતા અંકે તે જરૂર આવશે.

**વૃધ્ધ લગ્ન અટકાવ્યો**:—પાલણપુર ખાતે થતું વૃધ્ધ લગ્ન અટકાવવા માટે પ્રયત્ન કરવા અહિંથી યુવક સંઘના સભ્યો શ્રી તારાચંદ કોઠારી, શ્રી રતિલાલ કોઠારી અને શ્રી પ્રભાલાલ મહેતા તા. ૨૫-૧૨-૩૬ શુક્રવારની રાત્રે મેલદ્વારા પાલણપુર વિદાય થયા છે. વૃધ્ધ લગ્નની ચિતામાં હોમાતી બાળાને બચાવવા ફતેહમંદ બનો.

**સોલાપુરઃ**—જૈન સમાજમાં જાણીતા દાનવીર શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. ઈ. નું બાવલું ખુલ્લું મુકવાનો મેળાવડો શ્રી જીવદયા મંડળીના પ્રમુખ શેઠ લલ્લુભાઇ દીપચંદના પ્રમુખપણા નીચે થયો હતો. અને શેઠ લલ્લુભાઇએ શેઠ વીરચંદ દીપચંદનું બાવલુ ખુલ્લુ મુકવાની ક્રિયા કરી હતી,

**અવધાનના પ્રયોગઃ**—શ્રી ઘાટકોપર જૈન યુવક સંઘ તરફથી તા. ૧૬-૧૨-૧૯૩૬ બુધવારના રોજ "જૈન જ્યોતિ"ના અધિપતિ શ્રી ધીરજલાલ ટોકરશી શાહના અવધાનના પ્રયોગનો મેળાવડો મુંબઇના મેયર શ્રી જમનાદાસ મહેતાના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

પુસ્તકાલયોની આવશ્યકતા.

Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક બારમો
શુક્રવાર તા. ૧૫-૧-૩૭.

## પ્રગતિ વાંછતા જુવાન ભાઈઓને સૂચના.

### ધારાસભામાં મહાસભાના પ્રતિનિધિને જ મોકલો.

આવતી ચુંટણીમાં રાષ્ટ્રિય મહાસભાએ પોતાના પ્રતિનિધિઓને ધારાસભામાં મોકલવાનો નિશ્ચય કર્યો છે અને પ્રજાનું માનસ બતાવવાને ખાતર પ્રાંતે પ્રાંતમાં ઉમેદવારો જાહેર કર્યા છે. આપણા દેશનાં રાજકીય ક્ષેત્રમાં કોઈપણ સંસ્થા કામ કરતી હોય તો તે એક માત્ર રાષ્ટ્રીય મહાસભા જ છે. મહાસભા દ્વારા જ આપણે આપણી રાષ્ટ્રીય પ્રગતિ સાધી શકીશું એ નિર્વિવાદ છે. એટલે આપણે આપણી ફરજ વિચારવી ઘટે છે.

આવતી ચુંટણીમાં મહાસભાના ઉમેદવારો સામે મવાળદળ તેમજ સ્વતંત્ર રીતે બીજી વ્યક્તિઓએ પણ પોતાની ઉમેદવારી જાહેર કરી છે. મહાસભા સિવાયના ઉમેદવારો ધારાસભામાં જાય તો તે રાષ્ટ્રને ઉપયોગી નિવડશે કે કેમ એ પ્રજાએ વિચારી લેવાની જરૂર છે. અત્યારસુધીનું ધારાસભાનું તેમનું કાર્ય નિહાળતાં રાષ્ટ્રને તેમાં કંઈ પણ ખાસ ફાયદો થયો હોય તેમ જણાતું નથી, બલ્કે પ્રજાવિરોધી કાયદા પસાર કરવા આડકત્રી મદદ આપી અને રાષ્ટ્રહિતને નુકશાન પહોંચાડયું છે, એ બાબત હવે છુપી નથી. જ્યારે રાષ્ટ્રિય મહાસભા તરફથી ગયેલા ઉમેદવારોએ રાષ્ટ્રની પ્રગતિને દૃષ્ટિપથમાં રાખી આમજનતાનાં હિતોનું રક્ષણ કરી પ્રજાના માનસનો પડઘો પાડયો છે અને ધારાસભાની બહાર પણ રાષ્ટ્રિય સ્વતંત્રતાની વેદી ઉપર મહાન બલીદાન આપ્યું છે, કે જે બલીદાનથી આપણી લડત ગૌરવવંતી અને પવિત્ર બની છે.

ફૈઝપુરની મહાસભાએ રાષ્ટ્રિય દૃષ્ટિએ મજુર વર્ગ, કિશાન અને મધ્યમવર્ગ તરફથી લડવાનો નિશ્ચય કરી તેનાં ઉદ્ધાર માટે દરેક પ્રયત્ન કરવાનું નક્કી કર્યું છે. આપણે જૈનો પણ ઉપરોક્ત વર્ગમાં આવી જઈએ છીએ. એટલે રાષ્ટ્રિય ઉદ્ધારને માટે પ્રયત્ન કરતી મહાસભાના ઉમેદવારોને જ મત આપવાનો આપણો ધર્મ થઈ પડે છે. ભારતવર્ષની આઝાદીને ખાતર જેના લેખધારીઓ અહર્નિશ પ્રયત્નશીલ રહે છે એવા મહાસભાના ઉમેદવારોને જ ધારાસભામાં મોકલવા માટે આપણે આપણી બધીએ શક્તિ લગાડી દેવી જોઈએ.

મહાત્માજી જેવા પુરૂષોત્તમના આશિર્વાદ મેળવી ધારાસભામાં જનારા પ્રજાના સાચા પ્રતિનિધિઓ છે અને તેઓ રાષ્ટ્ર માટે જે ભોગ અને સેવા આપે છે તે અજોડ છે.

જૈન સમાજ અને ખાસ કરીને તેના નવલોહીયા યુવાનભાઈઓને આગ્રહપૂર્વક ભલામણ છે કે પોતાના મતનો ઉપયોગ મહાસભાના પ્રતિનિધિ માટે જ કરે. તદુપરાંત સ્નેહિ, સજ્જનો, પડોશીયો, મિત્રો અને ધંધાદારી વર્ગોને સમજાવી તેમના મતો મહાસભાના ઉમેદવારોને જ મળે એ જાતનો સંપૂર્ણ પ્રયત્ન કરે. આપણો એકપણ મત મહાસભાના ઉમેદવાર સીવાયનાને ન મળે એ જાતની સખ્ત તકેદારી રાખી પોતાની ફરજ અદા કરે. મને આશા છે કે રાષ્ટ્રીય કાર્યમાં યુવાનોએ કદિપણ પાછી પાની કરી નથી. તેમ આ બાબતમાં પણ પોતાની ગંભીર જવાબદારી સમજી રાષ્ટ્રના પુનર્વિધાનમાં પોતાનો ફાળો જરૂર આપશે.

લી૦

મણિલાલ એમ. શાહ.

# તરુણ જૈન.

તા. ૧૫-૧-૩૭


## પુસ્તકાલયોની આવશ્યકતા.

દહાડે દહાડે ઉગે છે અને વિજ્ઞાન નૂતન શોધખોળોમાં કુદકે અને ભુસકે આગળ વધે છે. અને એ રીતે જગત્ પ્રગતિ કરતું જ જાય છે. પાશ્ચાત્ય દેશો કે જે અર્વાચીન સંસ્કૃતિના ધામ ગણાય છે, ત્યાં આર્થીક, સામાજીક, રાષ્ટ્રિય અને શારિરિક જે પ્રગતિ થઇ રહી છે તેનાં મૂળમાં વ્યવહારૂ કેળવણીનો જબ્બર ફાળો છે, અને તે વ્યવહારૂ કેળવણી, શિષ્ટ સાહિત્ય અને વર્તમાનપત્રો દ્વારા આપવામાં આવે છે. શિષ્ટ સાહિત્ય યુગને અનુરૂપ શિક્ષણ આપે છે. આર્થીક સામાજીક, રાષ્ટ્રિય અને શારીરિક પરિસ્થિતિનું તેમાં મુખ્યત્વે કરીને નિરૂપણ હોય છે, અને તેને વ્યવહારૂ રૂપે સમજાવવામાં વર્તમાન પત્રો ખુબ ભાગ ભજવે છે. તે સિવાય જગતના તમામ સમાચારોથી તે પ્રજા વાકેફ રહે છે અને પોતાની પ્રગતિક્રમને સરળ બનાવે છે. આ શિષ્ટ સાહિત્ય અને વર્તમાન પત્રો પ્રત્યેકને સુલભ બને તે માટે પુસ્તકાલયો અને વાંચનાલયોની દરેક સ્થળે સ્થાનિક સરકારો તરફથી ગોઠવણો કરવામાં આવી હોય છે. અને જનતા તેનો પુરેપુરો લાભ ઉઠાવે છે. પ્રાતઃકાળમાં ઉઠી અને પહેલું કર્તવ્ય તેઓનું વર્તમાન પત્રો જોવાનું હોય છે. આમ સુધરેલા અને પ્રગતિમાન ગણાતા રાષ્ટ્રો ગ્રામ્ય જનતાને પણ જગતનો સંપર્ક સધાવે છે.

આપણા સમાજ માટે પણ ઉપરોક્ત બાબતની બહુજ આવશ્યકતા છે, કારણ કે આપણે હજુ વર્તમાનપત્રોની કિંમત સમજતા નથી, વાંચનનો શોખ બહુજ ઓછો છે અને વ્યવહારૂ કેળવણી આપનારાં સાહિત્યનો પણ આપણામાં અભાવ છે. આપણે જો આપણું બળ વધારવા માંગતા હોઇએ, આપણી ઉન્નતિ કરવા માંગતા હોઇએ, તો લોકોને શિષ્ટ સાહિત્ય પૂરૂં પાડવું જ જોઇએ. અત્યાર સુધી આપણે ધાર્મિક સાહિત્ય ઉપર વધારે મુસ્તાક રહ્યા છીએ અને એજ સાહિત્ય ઉપલબ્ધ છે. પરંતુ અત્યારના યુગને અનુરૂપ વ્યવહારૂ સાહિત્ય આપણે હજુ ઉપજાવી શક્યા નથી, કે કે જેની ખાસ અત્યારે આવશ્યકતા છે. શક્તિશાળી લેખકો જો આ તરફ લક્ષ્ય આપે તો ઘણું કરી શકે તેમ છે.

વર્તમાનપત્રો પણ બહુ જ પરિમિત સંખ્યામાં નિકળે છે. અને જે નિકળે છે તેના ભાગ્યે જ હજાર ઉપર ગ્રાહકો જોવામાં આવશે. બાર લાખ જેવી સંસ્કારી કોમમાં વર્તમાન પત્રોની આ હાલત આપણી અવનતિ સૂચવે છે. તેમાં આર્થિક કારણની પણ સંભવના છે. અને બીજું ગ્રામ્ય જનતાની ઉદાસીનતા છે. આ બે બાબતોને ટાળવા માટે આપણે સ્થળે સ્થળે પુસ્તકાલયો અને વાંચનાલયો ખોલવાની જરૂર છે. જ્યાં જ્યાં આપણી કોમનું અસ્તિત્વ હોય ત્યાં ત્યાં પુસ્તકાલયો અને વાંચનાલયો હોવાંજ જોઇએ. એ સ્થિતિ આપણે ઉત્પન્ન નહિ કરીએ ત્યાંસુધી વાંચનમાં રસ ઉત્પન્ન થશે નહિ. અને અજ્ઞાનતાની જડ ઉંડીને ઉંડી ઉતરતી જશે અને જે રીતે સમાજનો હ્રાસ થતો જાય છે તે રીતે થતો જ રહેશે. તેમ થતું અટકાવવા આપણે પુસ્તકાલયો અને વાંચનાલયોની આવશ્યકતા માટે પ્રચાર કરવો પડશે. અને તે માટે સ્થાનિક યુવકો જો આ કાર્ય ઉઠાવી લે અને પોતાના ગામમાં તથા પોતાની આજુ-બાજુના ગામમાં ફરીને પ્રચાર કાર્ય કરે તો ઘણું થઇ શકે તેમ છે. તેમાં કાંઇ શરૂઆતમાં લાંબો ખર્ચ નથી, એકાદ દૈનિક, બેચાર સાપ્તાહિક અને છ સાત માસિક મંગાવે અને એકાદ રૂમ ભાડે લેવામાં આવે તો ગામડામાં બહુમાં બહુ તો વાંચનાલયનો વાર્ષિક પચાસ રૂપીયાનો ખર્ચ આવે એમ અમે માનીએ છીએ અને તેની આવક તો લગ્નાદિ અને બીજા અનેક પ્રસંગોમાં લાગા રૂપે થઇ શકે છે. માર્ગ બતાવવામાં આવે તો કાર્ય કરનારા ઉત્સાહી ભાઇઓ પણ મળી આવે. આમ માત્ર પ્રચારની આવશ્યકતા છે. અને વાચનાલયની સાથે એક પુસ્તકાલય કે જેમાં છેલ્લામાં છેલ્લું આજના યુગને અનુરૂપ શિષ્ટ સાહિત્ય પ્રતિષ્ઠિત લેખકો દ્વારા બહાર પડ્યું હોય તેવાં સો એક પુસ્તકો ખરીદ કરી સ્થાપન કરવું જોઇએ કે જેથી ગ્રામ્યજનતાનું માનસ વિશાળ અને વ્યાપક બની શકે. આ બન્ને બાબતો કંઇ મુશ્કેલ નથી. આપણે કેળવણી સંસ્થાઓ પાછળ દર વર્ષે લાખો રૂપીઆ ખર્ચીને પણ જે ફળ મેળવી શકતા નથી, તે આ થોડા ખર્ચમાં મેળવી શકીશું. જો કે શહેરોમાં પુસ્તકાલયો અને વાંચનાલયોની સગવડ છે છતાં શહેરીજીવન એ પ્રવૃત્તિમય જીવન હોવાથી તેનો પૂરતો લાભ લેવાતો નથી. પરંતુ ગ્રામ્ય જનતાનું જીવન તેવું પ્રવૃત્તિમય નહિ હોવાથી તે તેનો પુરેપુરો લાભ લેશે તેમાં જરાયે શંકા નથી.

પારસી, આર્યસમાજ અને બીજા પ્રગતિમાન સમાજો આજે જે પ્રગતિ કરી રહ્યા છે તેમાં યુગાનુરૂપ કેળવણી મુખ્ય ભાગ ભજવી રહી છે. આપણે પણ આપણી પ્રગતિ સાધવા માંગતા હોઇએ તો યુગાનુરૂપ કેળવણી આપવી જ પડશે. અને તે વાંચનાલયો ને પુસ્તકાલયો દ્વારા સુલભ થશે.

આપણે યુવકોએ અત્યાર સુધી ઘણી ઘણી વાતો કરી છે, ઉંચે ઉંચે આકાશની કાલ્પનિક ગગનચુંબી ઇમારતો ખડી કરી છે પરંતુ તે તરફ એક ડગલું પણ આગળ વધી શક્યા નથી. એ મીટાવવા ખાતર રચનાત્મક કાર્યક્રમની આવશ્યકતા છે, અને તેમાં જો વાંચનાલયો અને પુસ્તકાલયોને સ્થાન આપવામાં આવે તો યુવકો જે સામાજીક પરિવર્તનનો આદર્શ સેવે છે તેઓ તેની સમીપ પહોંચી શકશે.

# વડોદરા મુકામે શ્રી. પરમાનંદ કાપડીયાનું ભાષણ.

શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયાએ "સમાજની આજુ પરિસ્થિતિ" વિષે લગભગ એક કલાક સુધી વ્યાખ્યાન આપ્યું હતું. તેઓએ પ્રથમ વડોદરા જૈન યુવક સંઘ.. અને સામાજીક ક્ષેત્રમાં વડોદરા રાજ્યની પ્રગતિ સૂચક પ્રવૃત્તિઓ વિષે, વિગતવાર ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે જ્યારે જ્યારે જ્યાં જ્યાં મારૂં સન્માન થાય છે. ત્યારે ત્યારે આજની જનતા આવતી, જતી, ઉગતી ઉત્ક્રાન્તિ અને પરિવર્તનને માન આપી રહી છે એમ હું સમજું છું, અહિંના યુવક સંઘની પ્રવૃત્તિ જાણી મને ખુબ આનંદ થયો છે. સૌથી અગત્યનો પ્રશ્ન દીક્ષાનો કાયદો કરાવવામાં અહિંના યુવક સંઘે જે કાર્ય કર્યું છે તે માટે હું અહિંના યુવક સંઘને ખુબ ધન્યવાદ આપું છું. જ્યારે જ્યારે તેવા પ્રસંગો સાંપડે ત્યારે ત્યારે બીજા યુવક સંઘો પણ ધડો લે એમ હું ઇચ્છું છું. સામાજીક સુધારામાં વડોદરા રાજ્ય બહુજ આગળ છે. જૈન સમાજમાં આ સંબંધમાં ખુબ કોલાહલ છતાં દીક્ષાનો કાયદો પસાર કરવામાં આ રાજ્યે જે દક્ષતા દાખવી છે તેને માટે આ તકે હું યુવક વર્ગ તરફથી જેટલો ધન્યવાદ આપું તેટલો ઓછો છે.

**સમાજની પરિસ્થિતિ.**

ત્યારબાદ વર્તમાન સમાજની પરિસ્થિતિ પર વિવેચન કરતાં તેમણે જણાવ્યું કે જૈન સમાજની કેટલીક પરિસ્થિતિ સમસ્ત દેશની પરિસ્થિતિને લગભગ મળતી છે. તેમજ દેશની પરિસ્થિતિનો વિચાર બાતલ કરીને જૈન સમાજની પરિસ્થિતિનો વિચાર કરવો શક્ય જ નથી. દેશની સ્થિતિનું સામાન્ય અવલોકન કરતાં સમસ્ત દેશ ઉપર આક્રમણ કરી રહેલી પરદેશી સત્તાનું અસ્તિત્વ આપણું સૌથી પ્રથમ ધ્યાન ખેંચે છે. આપણી અવનતિનું કેટલેક અંશે તે ભારે બળવાન કારણ છે. આ ઉપરાંત સામાન્ય પ્રજાની નિર્બળતા, દરિદ્રતા, નિરક્ષરતા પણ એટલાંજ ધ્યાન ખેંચે તેવા તત્વો છે. વળી આપણો આ સમાજ પુરૂષવર્ગથી પણ ઘણો પછાત છે એ પણ આપણને બીજા દેશની હરોળમાં પાછળને પાછળ રહેવામાં મદદરૂપ બને છે. સૌથી વિષમ તત્વ તે આપણા પ્રજા માનસમાં ઘર ઘાલી બેઠેલી કોમી ભાવના છે. દરેક માણસ પોતાની જ્ઞાતિનો અને પોતાના ધર્મનો જ વિચાર કરે છે પણ પોતાના દેશનો ભાગ્યેજ વિચાર કરતો જણાય છે. આથી દેશની સ્થિતિ છિન્નભિન્ન બની રહી છે અને પર પ્રજાઓ દેશનું અનેક રીતે શોષણ કરી રહી છે. આપણી દેશની દુર્દશા થવાનાં કેટલાંક કારણોમાં જાતિ અને જ્ઞાતિના દેશભરમાં જે જે જટિલ જાળાઓ પથરાઇ પડ્યાં છે અને ઉચ્ચ અને નીચની જે ચિત્રવિચિત્ર કલ્પનાઓ પ્રજાના ચિત્તને ઘેરી રહેલ છે તે મુખ્ય કારણ છે. આ ઉપરાંત આપણી પ્રજામાં જે બાયલાંપણું આવી ગયું છે અને જે ભીરૂતા વ્યાપેલી છે તે પણ આપણને પતિત રાખવામાં મોટો ભાગ ભજવે છે. જેને ચારિત્ર કહેવામાં આવે છે તેનો પણ આપણામાં અભાવ છે. કોઇપણ વ્રત, નિયમ કે સિદ્ધાંતને એક સરખી ટેકથી આપણે વળગી રહી શકતા નથી. અને પ્રસંગ આવ્યે કોઇપણ સિદ્ધાંતનો ત્યાગ કરતાં વિલંબ કરતા નથી. સ્ત્રી જાતિ વિષે પણ આપણા ખ્યાલો બહુ જ વિચિત્ર પ્રકારના હોય છે. કેટલાય કાળથી આપણે સ્ત્રીઓને બધી રીતે ઉતરતી કોટિમાં મૂકતાં આવ્યા છીએ અને તેનું પરિણામ આખી પ્રજાની શક્તિનો ખુબ હ્રાસ કરવામાં આવ્યું છે. લગ્ન વિષેના વર્ષો થયાં દેશભરમાં વ્યાપેલા ખોટા અને હાનિકારક ખ્યાલોએ પણ આપણી અવનતિની ગતિ વધારી છે. બાળલગ્ન, વૃદ્ધવિવાહ, કન્યા વિક્રય, વિધવા વિવાહ પ્રતિબંધ—આ બધાય લગ્નને લગતી ખોટી પ્રથાના દૃષ્ટાંતો છે. આવા કેટલાય કારણોમાં ઉત્તરોત્તર આપણે દુર્દશા તરફ ઘસડાઇ જતા હતા એવામાં પરદેશી રાજ્યતંત્ર સાથે જે નવાં વિજ્ઞાનિક બળો દુનિયામાં ઉભાં થયાં તેને પહોંચી વળવાની આપણે તાકાત દાખવી શક્યા નહિ. પરિણામ એ આવ્યું કે આજે આપણે આગળ ગણાતી પ્રજાનાં ઉપહાસને પાત્ર બની રહ્યા છીએ. અને આપણી દુર્દશા પારવિનાની દેખાય છે. આ સ્થિતિમાંથી ઉંચે આવવા માટે શું કરવું જોઇએ એ પ્રશ્ન આપણી સામે આવીને ઉભો રહે છે.

સૌથી પ્રથમ આપણે આપણું ધ્યેય નક્કી કરવું જોઇએ. કારણ કે ધ્યેય નિર્ણય વિના ઇષ્ટ પ્રગતિના સિમા ચિન્હો આપણે નક્કી કરી શકીએ નહિ. આજે સર્વ સ્વીકૃત ધ્યેય સ્વરાજ્યનું છે. તે સ્વરાજ્યની ભાવનાને આપણા હૃદયમાં ઉતારવી જોઇએ અને આપણને દેશની આઝાદીની ખુબ તમન્ના લાગવી જોઇએ. કેટલેક સ્થળે ધાર્મિક વિરૂદ્ધ રાષ્ટ્રીય ભાવનાનો પ્રશ્ન ચર્ચવામાં આવે છે. જાણે કે ધર્મના સ્વાર્થો રાષ્ટ્રના સ્વાર્થથી ભિન્ન હોય! ધર્મને વિશાળ અર્થમાં સમજીએ તો ધર્મ અને રાષ્ટ્રનો વિરોધ કોઇ કાળે સંભવી શકે નહિ. એટલું જ નહિ પણ ધર્મબુદ્ધિ રાષ્ટ્રપ્રત્યે બને તેટલા વફાદાર અને સેવા પરાયણ બનવાનું જ આપણને કહે. પણ ધર્મ શબ્દ ઘણુંખરૂં એવા વિશાળ અર્થમાં વપરાતો નથી પણ અમુક માન્યતાના સમુહને સુચવતાં સંપ્રદાયના અર્થમાં વપરાય છે. આવા સંપ્રદાયના અનુયાયીઓ સમગ્ર દેશના વિચારને ગૌણ બનાવે છે અને તેમની દુનિયા માત્ર પોતાના સંપ્રદાયના અનુયાયીઓ પુરતી જ મર્યાદિત બની જાય છે. અને પોતે જે સંપ્રદાય કે સમાજનો હોય તેનો ઉત્કર્ષ કેમ વધે અને બીજો સંપ્રદાય કે સમાજ કેમ પાછળ પડે એવી એવી સાંકડી દૃષ્ટિ તેનામાં ઉભી થાય છે. આ જાતની સંકીર્ણતાથી આખા દેશને ભારેમાં ભારે નુકશાન પહોંચ્યું છે.

સૌથી પ્રથમ મારો દેશ અને પછી મારો ધર્મ, સંપ્રદાય કે મારી જ્ઞાતિ, આ જાતનું દૃષ્ટિ કોણ આપણા ચિત્તમાં સ્થિર થવું જોઇએ. બીજું ધર્મ કે સંપ્રદાયને નામે આપણે ત્યાં સમાજની પ્રગતિને રોધ કરનારી જે અનેક રૂઢીઓ અને રીતિઓ પ્રસરી રહેલી છે અને જેના ગુણ દોષનો વિચાર કરવાની આપણે કોઇ દિન તકલીફ જ લેતા નથી તેને લગતી જડ ઉખાડવી જોઇએ. કોઇ પણ રૂઢી કે વ્હેમ આપણને સંગત નથી અને સમાજની પ્રગતિના રોધક છે કે તરતજ આપણે તેનો ઉચ્છેદ કરવાને તત્પર રહેવું જોઇએ.

**વ્યક્તિ સ્વાતંત્ર્ય.**

આજના સમયમાં વ્યક્તિ સ્વાતંત્ર્યને બને તેટલો અવકાશ મળવો જોઇએ. આજની પરિસ્થિતિમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર અનેક કારણોને લીધે આક્રમણ થાય છે અને પરિણામે અનેક વ્યક્તિઓ પોતાનામાં રહેલી અસાધારણ શક્તિઓનો પોતાની જાતને, સમાજને કે દેશને લાભ આપ્યા સિવાય અકાળે કરમાઇ જાય છે. વ્યક્તિને કુટુંબ રોધે છે, સમાજ રૂંધે છે, જ્ઞાતિ રૂંધે છે. આ ચોતરફનું રૂંધન જ્યાં સુધી દૂર કરવામાં ન આવે ત્યાં સુધી કોઇ પણ વ્યક્તિ યોગ્ય વિકાસ કોઇપણ કાળે સાધી શકે નહિ. આવી જ રીતે દેશભરમાં જે નિરક્ષરતા વ્યાપી રહી છે તેનું પણ તાત્કાલિક નિવારણ થવાની જરૂર છે. કોમી ભાવના, રૂઢીની ગુલામી કે વ્હેમના બંધનો આ આપણી પ્રજાની નિરક્ષરતાને જ આભારી છે. દેશમાં જે કોમી રમખાણ થાય છે તેનું મૂળ ધર્માંધતામાં જ રહેલું છે. અને ધર્માંધતા તે નિરક્ષરતાનું જ પરિણામ છે.

# જૈન સંસ્કૃતિ.

લેખકઃ—
**ચીમનલાલ ક, શાહ**

( ગતાંકથી ચાલુ )

ભ૦ મહાવીરના ગૃહસ્થ અને ત્યાગી જીવન સાથે; તેમના સમયના સામાન્ય ગૃહસ્થ અને સામાન્ય સાધુના જીવન સાથે; મધ્યયુગના ગૃહસ્થ અને સાધુજીવન સાથે આપણે આજના ગૃહસ્થ અને ત્યાગી જીવન મૂકી જુઓ. જરા સરખાવી જુઓ. તેમાં ક્યાંય મેળ છે ? છે તો તે ક્યાં અને કેટલા પ્રમાણમાં છે ? નથી તો તે ક્યાં અને કેટલા પ્રમાણમાં નથી ? મેળ છે તે આત્મિકગુણના વિકાસની બાબતમાં છે કે કેમ ? મેળ નથી તો તેનાં કારણો શાં છે ? તે સમયના બાહ્ય આડંબરની પ્રવૃત્તિઓ સાથે મેળ છે ? તે બાહ્ય આડંબર કેવો અને કેવા પ્રકારનો હતો ? આજના ગૃહસ્થ અને ત્યાગી જીવનની દિનચર્યા કેવી છે ? તેમાં કાંઈ મેળ છે ? તેવો કાંઈ મેળ ન હોવાનાં કારણો શાં છે ? મેળ ન હોય તો ફેરફાર સ્વીકારવા યુક્ત છે કે કેમ ? પરિસ્થિતિ અને સંજોગો બદલાતાં તે બાબતમાં મૌન રહી સ્વેચ્છાચાર ચલાવી લેવા કરતાં જરૂરી ફેરફાર સ્વીકારી લઈ તદનુસાર જીવન પોષણ અને ત્યાગી જીવનની પ્રવૃત્તિઓ સ્વીકારાય તો કાંઈક ગુણ વિકાસ થઈ શકે ખરો ? આજે તો શાસ્ત્રમાં આપેલ ત્યાગી જીવનનાં સ્વરૂપો રજુ કરી પોતે તે પ્રમાણે ચાલતા હોવાનો અન્ય અજ્ઞ જનો પાસે દાવો કરી દંભ સેવાય છે. આવો દંભ ત્યાગી વધુ શરૂ અને પાળી શકાય તેવા આચાર વિચાર પર વિચાર કરી તદનુસાર પ્રાચીન શાસ્ત્રોને ક્યાં મેળ છે તે વિચારી લઇ કાંઈક નવું સર્જન કરવામાં બાધ છે ખરો ? આજના અમે ગૃહસ્થ તો બધા ગુણવિકાસના વિષય અને તેના સાધનોથી હાથ ધોઈ બેસી ગયા છીએ; અમારે તો તેની સાથે જરા પણ લેવા દેવા રહી નથી. ગુણ વિકાસને મહત્તા આપનાર ગૃહસ્થ ભોળો, અવિચારી, અવ્યવહારુ, નાલાયક ગણાય છે; જ્યારે ગુણ વિકાસના બદલે ગુણ વિકારને મહત્તા આપનાર ગૃહસ્થ હોશિયાર, ડાહ્યો, વ્યવહારુ અને સલાહ લેવા લાયક ગણાય છે. આ આપણા સમાજની આજની સ્થિતિનું સ્થૂળ ચિત્ર છે.

ભ૦ મહાવીરના ગૃહસ્થ અને ત્યાગી જીવનમાં સ્વાશ્રય દેખાય છે ખરો ? આત્માની અનંત શક્તિમાં શ્રદ્ધા તરવરે છે ખરી ? પ્રમાદ દેખાય છે ખરો ? આપણે તો તેમના ચરિત્રમાં સ્વાશ્રયથી કર્મ ક્ષય કરી સર્વોત્કૃષ્ટ વિકાસ સાધવાની–કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવાની કેટલી તમન્ના છે તે તેમજ આત્માની અનંત શક્તિ પરની અનંત શ્રદ્ધા જીવનમાં જીવી બતાવવાની ભાવના અને પ્રમાદને દૂર ને દૂર રહેતો નિહાળીએ છીએ. આટલું જ બસ નથી પોતાના અર્થે અન્ય જીવને ક્લેશ ન થાય તે માટે પણ તેઓ કેટલા અને કેવા જાગૃત છે; ઉપસર્ગ અને પરિષહ પોતે સમભાવે સહન કરે છે એટલું જ નહિ, પણ તેને આમંત્રણ પણ આપે છે. આમ છતાં ઉપસર્ગ કે પરિષહ કરનાર પ્રતિ જરા પણ ક્રોધ નથી, પરંતુ તેના પર ભાવ દયાની તરે છે. આવા પ્રસંગોમાં મદદ આપવાની માગણી કરવા છતાં તેવી મદદ–દેવદેવીની, નરનારીની કે અન્ય લોકગણની–ધીરતા પૂર્વક નકારવામાં આવે છે. વાસ્તવિકરીતે બધું સમજવા પ્રયત્ન કરવામાં આવે તો તેમાંથી એક જ વસ્તુ તરી આવે છે કે આત્માની શક્તિમાં અનંત શ્રદ્ધા તેમના સમગ્ર વિકાસમાં કેટલો અગત્યનો ભાગ ભજવે છે અને તે પોતે તે વસ્તુ જીવનમાં કેવી રીતે જીવી બતાવે છે.

તેમના શ્રાવક અને શ્રાવિકાગણનું સ્વરુપ ઉપાસક દશાંગમાં વર્ણવેલું છે; તેમાંથી પણ તેજ વસ્તુ નીતરી આવે છે. આપણે આ બધુંય સાંભળીએ છીએ, તે પ્રાચીન ભૂતકાળ અને મહાનપુરુષોથી માત્ર રાચીએ છીએ તે વાત સાચી; પરંતુ તે તો મોટા મોટા પુરુષ અને આપણે તો સામાન્ય પામર પ્રાણી એમ કહી આપણે આપણો પોતાનો આત્મિક વિકાસમાં છેદ જ ઉડાવી દઈએ છીએ અને પરિણામ એ આવ્યું છે કે આજે આપણા સમાજમાં આત્માની શક્તિનો વિકાસ થવાને બદલે, અનેક ગુણોનો વિકાસ થવાને બદલે તે બધામાં વિકાર પેઠો છે અર્થાત્ આપણો હ્રાસ થતો જાય છે.

ભ૦ મહાવીર પછીના બસો વર્ષના ગાળામાં આપણે શું જોઈએ છીએ, ભ૦ મહાવીરે પોતાના ઉપસર્ગ પરિષહ દૂર કરવા દેવ દેવીની જે મદદ નકારી તેજ દેવદેવીની મદદ મંત્રો દ્વારા સંઘના, તીર્થના ઉપસર્ગો દૂર કરવા આપણે લીધાના પૂરાવા આપણે નોંધ્યા છે. આત્મિક બળમાં અનંતશ્રદ્ધાનો થતા ઓટનો તે પૂરાવો તો છે જ; તેમ છતાં તેટલા પૂરતી શક્તિનો સદુપયોગ પણ છે. આવા શક્તિના સદુપયોગના કારણે તે પ્રભાવના મનાઈ, હોય તે સંભવિત છે. આમ પ્રભાવનાને ગૌણ બનાવવાને બદલે મુખ્ય બનાવી દીધી, જ્યારે આત્મિક બળમાં અનંત શ્રદ્ધાના થતા ઓટ ને મુખ્ય બનાવવાના બદલે ગૌણ બનાવી દીધું તેણે જ આપણી આજની સ્થિતિ ઉત્પન્ન કરી છે એમ લાગ્યા વિના રહેતું નથી.

મને તો એમ પણ લાગે છે કે આપણા ઉપરોક્ત એ કરારને આચ્છાદિત કરી માત્ર આ શબ્દ અને આડંબર પ્રિયતા આપણામાં ઘૂસ્યા હોય.

ભ૦ મહાવીર પછી લગભગ પાંચસો વર્ષે આપણે બીજા તબક્કામાં પહોંચીએ છીએ. આત્મબળ અને દેવદેવીની મદદના અભાવે રાજ્ય મદદ યા રાજ્યમાન્ય વ્યક્તિઓની મદદ દ્વારા આપણે જૈન ધર્મની પ્રભાવના સાધવી શરુ કરીએ છીએ. લૌકિક દષ્ટિએ આ પ્રસંગોદ્ભૂત, ઉજ્જવળ અને આહ્લાદજનક જરૂર છે; તે સમયના સંજોગો જોતાં તે પ્રભાવના પણ જરૂર છે, પરંતુ સ્વાશ્રયના બદલે પરાશ્રય દાખલ થવાનો તે સ્વાભાવિક એકરાર છે તે વસ્તુ ગૌણ ન થવી જોઈએ.

આજ પ્રસંગે આપણે સમાજમાં પક્ષભેદ પણ દાખલ કરીએ છીએ. આ પક્ષભેદ સાધુઓના મતભેદના કારણે ઉભા થયા હતા; તેમ છતાં તે જુદા જુદા સંપ્રદાયરૂપમાં વહેંચાયા અને તેને સિંચન કરતાં તેમાં અનેક કડુ અને મધુર ફળ સંપ્રદાયના અનુગામીઓને સહેવાં પડ્યાં. આ ભૂલ સ્વીકારવામાં ન આવી; પણ ફરી પણ તેવા પ્રસંગો ઉભા થતાં પણ આપણે તે જ રીતે વર્ત્યા. આજે પણ આપણે તે જ રીતે વર્તી રહ્યા છીએ તે વિષે કહેવાપણું હોય જ નહિ.

ચાલુ

# એન્ડ્રુ કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા.

લેખકઃ- ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.

આપણા સમાજમાં જેટલો દાનનો મહિમા ગવાયો છે તેટલો બીજે સ્થળે ભાગ્યેજ જોવાશે. પરંતુ તે દાનનો પ્રવાહ મોટે ભાગે નવાં નવાં મંદિરો, સંઘો કાઢવામાં, ઉજમણા-કરવામાં અને સાધુઓને પોષવા તરફ જ વળ્યો છે. માનવ સમાજના આર્થિક હિતો કે સમાજને ઉપયોગી નૂતન શોધખોળો તરફ એ દાનનો જરાયે ઉપયોગ થયો નથી. પાશ્ચાત્ય દેશોમાં ધનપતિઓ જેમ લક્ષ્મી ઉપાર્જન કરી જાણે છે તેમ તેનો સમાજના કલ્યાણમાં કઇ રીતે ઉપયોગ કરવો એ પણ સારી રીતે સમજે છે. એન્ડ્રુકાર્નેગીનું જીવન એ એક એવા કુબેરભંડારીનું જીવન છે કે જેણે જુદે જુદે સ્થળે મળીને પોતાના જીવનમાં અબજ ઉપરાંત રૂપીયાની સખાવત કરી છે, આવી સખાવત આપણે હજારો વર્ષ પહેલાં થઇ ગયેલા તીર્થંકરોના વાર્ષિક દાનમાં માનીએ છીએ; પણ આ તો વીસમી સદીનો દાનેશ્વરી છે. તેના જીવનમાંથી આપણા ધનપતિઓ કંઇક માર્ગદર્શન કરે એ હેતુથી શ્રી મૂળચંદભાઇએ આ લેખ લખ્યો છે. અમે વાંચકોને ભલામણ કરીએ છીએ કે તેઓ આ લેખને વાંચે, વિચારે અને મનન કરે. ... ... ... ... ...તંત્રી

જૈન ધર્મ દાનપ્રધાન ધર્મ હોવા છતાં, જૈનધર્મને માનનાર શ્રીમંતોના જીવનમાંથી, દાનના ઝરણાં સૂકાતાં જાય છે. તેવા પ્રસંગે કાર્નેગીનું જીવન જૈન શ્રીમંતોને પ્રેરણા આપનારૂં નિવડે એ દૃષ્ટિએ આ લેખ લખું છું.

મૃત્યુ ક્યારે આવશે તેની ખબર નહિ હોવા છતાં; જેઓ દ્રવ્યોપાર્જન કરવાની ગડમથલમાં જ જીંદગીની છેલ્લી ક્ષણો પૂરી કરે છે અને જેમની પાસે પોતાના કુટુંબના નિર્વાહ માટે જોઇએ તે કરતાં ઘણું વધારે દ્રવ્ય હોવા છતાં, જેઓ એથી વધારે દ્રવ્ય પેદા કરવામાં ખર્ચ્યા કરે છે, અને જેમની પાસે ખર્ચવા માટે સોંપાયેલા ટ્રસ્ટના લાખો રૂપીયા હોવા છતાં જેઓ તેનો ઉપયોગ કરતા નથી તેવા મનુષ્યોને 'કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા'વાળો આ લેખ કંઇક માર્ગદર્શન કરાવશે. એમ સમજી આ લેખ લખવા પ્રેરાયો છું: ઇ. સ. ૧૮૩૫ના નવેમ્બર માસની ૨૫મી તારીખે 'સ્કોટલેન્ડના ડન્ફર્મલાઇન' શહેરમાં; ગરીબ પણ પ્રમાણિક વણકર કુટુંબમાં જન્મેલો 'એન્ડ્રુ-કાર્નેગી' ગરીબમાંથી શ્રીમંત કેવી રીતે થયો અથવા સામાન્ય સ્થિતિમાંથી ક્રોડાધિપતિ કેમ બન્યો; તે બતાવવાનો કે સમજાવવાનો આ લેખનો હેતુ નથી. પરંતુ તેણે પેદા કરેલા દ્રવ્યની કેવી સુવ્યવસ્થા કરી, કરોડોની કમાણી આપતા ધીકતા ધંધામાંથી તે કેવી રીતે નિવૃત્ત થયો અને વૃદ્ધાવસ્થાના પાછલા ૧૯ વર્ષો તેણે પેદા કરેલું દ્રવ્ય કેવી સુવ્યવસ્થિત રીતે પ્રજાના ચરણે ધર્યું તે જ સમજાવવાનો આ લેખનો હેતુ છે.

**ધીકતા ધંધાઓનો ત્યાગઃ-**

કાર્નેગીએ 'ગોસ્પેલ ઓફ વેલ્થ' નામનું પુસ્તક લખ્યું: ત્યાર પછી દ્રવ્યોપાર્જનની ઉપાધિમાંથી નિવૃત્ત થઇ, એ પુસ્તકમાં પ્રતિપાદન કરેલા સિદ્ધાંતો અનુસાર એણે પોતાનું જીવન બનાવવાનો નિશ્ચય કર્યો. ઇ. સ. ૧૯૦૧ માં જ્યારે કાર્નેગી વધુ પૈસા પેદા કરવાનું બંધ કરી, પેદા કરેલા દ્રવ્યની સમાજ હિતાર્થે ડહાપણ ભરેલી વ્હેંચણી કરવાનો નિશ્ચય કરે છે તે વખતે તેની વાર્ષિક આવકનો આંકડો ચાર કરોડ ડોલરનો થતો હતો; અને એણે રચેલી યોજના અનુસાર તેણે પોતાના ધંધાની ખીલવણીનું કામ ચાલુ રાખ્યું હોત તો આવતા વર્ષમાં તેની કમાણી સાત કરોડ ડોલરની થાત; એમ કાર્નેગી માનતો હતો. કારણ એના કારખાનાઓ ખરીદી લેનાર 'યુનાઇટેડ સ્ટેટ્સ સ્ટીલ કોરપોરેશન' કંપનીએ એ વર્ષમાં ૭ કરોડ ડોલરનો નફો કર્યો હતો. કાર્નેગી જાણતો હતો કે સટોરીયાઓ જુના કારખાનાઓ ખરીદી, તેના શેરોના ભાવો ચઢાવી, નિર્દોષ ખરીદદારોને ફસાવતા હતા. એટલે તેણે પોતાના કારખાનાના શેરો ઉપર કોઈ પણ જાતનો નફો લેવાની ના પાડી! તેના ખરીદનાર 'મી. માર્ગન' તે શેરોની જે કિંમત આપવાની ઇચ્છા જણાવી હતી; તે હિસાબે કાર્નેગીને દશ કરોડ ડોલર વેચાણની કિંમતના વધારે ઉપજતા હતા, પણ તેણે તે લેવાની ના પાડી! આમ કરોડોની કમાણી આપતા ધીકતા ધંધાઓ અને કારખાનાની કિંમતના વધારે ઉપજતા દશ કરોડ ડોલરનો ત્યાગ કરી તેણે પેદા કરેલા દ્રવ્યનો લોકોપયોગી કામમાં કેવી રીતે સદુપયોગ કરવો તે તરફ તેણે પોતાની બધી શક્તિઓને વહેવા દીધી!

**સૌથી પહેલું મજુરોને દાનઃ-**

અને આમ કરતાં સૌથી પહેલું દાન તેણે પોતાના કારખાનાના મજુરો; કે જેઓએ પોતાના ધંધાના સાફલ્યમાં સારો હિસ્સો આપ્યો હતો તેમના હિતાર્થે સને ૧૯૦૧ ની તા. ૧૮ મી માર્ચે 'પાંચ ટકા વ્યાજના ચાલીશ લાખ ડોલરના બોન્ડ' તેણે અર્પણ કર્યા. અને જણાવ્યું કે-જે મજુરો અકસ્માતના ભોગ થયા હોય તેમના કુટુંબના સંકટ નિવારણ અર્થે અને વૃદ્ધાવસ્થાના અંગે જેમને મદદની જરૂર હોય તેઓને મદદ કરવામાં આ ફંડનો ઉપયોગ કરવો. એ સિવાય એણે જાહેર કર્યું કે-મજુરો માટે મેં જે લાઇબ્રેરીઓ બંધાવી આપી છે તેના નિભાવ અર્થે તેણે બીજા દશ લાખ ડોલરના બોન્ડ અર્પણ કર્યા. આમ તેણે પોતાના મજુરોના હિતાર્થે સૌથી પહેલી સખાવત પચાસ લાખ ડોલરની કરી. આ 'એન્ડ્રુકાર્નેગી રીલીફ ફંડ'થી તેમના મજુરોને જે જે લાભ થયા તે માટે મજુરો તરફથી અપાયેલા માનપત્રમાં મજુરો લખે છે કેઃ "જે ઘરોમાં મજુરોનું ભાવિ અંધકારમય અને નિરાશામય જણાતું હતું ત્યાં આ ફંડની મદદથી ઉદ્વેગ નાબુદ થવાના અને આશા તથા સામર્થ્ય જાગૃત થવાના અમને અંગત અનુભવો થયા છે" વિશેષમાં તેઓ જણાવે છે કેઃ મજુરોના હિતાર્થે થયેલા અનેકવિધ પ્રયત્નોમાં "એન્ડ્રુકાર્નેગી રીલીફ ફંડ" પ્રથમ નંબરે આવે છે. આમ કાર્નેગીની પ્રથમ સખાવત તરફ મજુરો આભારની લાગણી પ્રદર્શિત કરે છે. આ માનપત્ર લીધા બાદ તે યુરોપની મુસાફરીએ ગયો અને થોડા વખત પછી તે ન્યુયોર્ક આવ્યો ત્યારે સ્ટીમર ઉપર તેને લેવા જુના ભાગીદારો અને બીજાઓને જોઇ તે બોલી ઉઠ્યો કેઃ 'મેં ભાગીદારો ગુમાવ્યા છે પરંતુ મેં મિત્રો ગુમાવ્યા નથી'.

(વધુ માટે જુઓ પાછળ પાને)

# ફરજીઆત વૈધવ્ય.

જૈન સમાજની ચારે બાજુ અગ્નિ સળગી રહ્યો છે. અનેક કુરૂઢિઓ અને પ્રણાલિકાઓથી ત્હેનો આત્મા ગ્રસ્ત થઇ રહ્યો છે, ફરજીઆત વૈધવ્યની પ્રણાલિકા સામે બાળ વિધવાઓનાં ઉન્હાં અશ્રુ ! નિઃશ્વાસ સમાજનું નિકંદન કરી રહ્યા છે છતાં તે તરફ આપણી આંખ ઉઘડતી નથી. સમાજમાં એક પુરૂષ વૃદ્ધ હોય છતાં પરણે ત્હેમાં શાસ્ત્ર અને ધર્મ સંમતિની મહોર મારવામાં આપણને વાંધો નથી પરંતુ કોઇ બાળવિધવાનો પુનર્લગ્ન કરવાનો પ્રશ્ન આવે ત્યાં આપણે ભેડાઇ પડીએ છીએ અને ત્હેને પાપી ને અધમ કહેવા સુધીની હદ ઉપર પણ આપણે ઉતરી પડીએ છીએ. નીતિ સંયમ અને સદાચારની વાતો કરનારા આપણે પુરૂષો પુનર્લગ્ન કરીએ તેમાં વાંધો નથી પણ કોઇ વિધવા ગુપ્ત પાપાચારોથી બચવા પુનર્લગ્નની વાત કરે તેમાં આપણા સમાજ ઉપર કોઇ ભયંકર વજ્રપાત થયો હોય તેટલો કોલાહલ કરવાને આપણે મંડી જઇએ છીએ. શું આ બાબત ન્યાય યુક્ત છે ?

આપણે આપણી જાતને ભલે સંસ્કારી અને સુધરેલી માનતા હોઇએ પરંતુ જ્યાં સુધી આવી ( ફરજીઆત વૈધવ્ય ) પ્રથાઓ આપણા સમાજમાં અસ્તિત્વ ધરાવે છે ત્યાંસુધી આપણે દુનીયાની દ્રષ્ટિમાં કદિ સંસ્કારી કોમ તરીકે છાપ પાડી શકીશું નહિ. આવા બળતા પ્રશ્નોનો ઉકેલ કર્યા સિવાય આપણે જરા પણ આગળ વધી શકીશું નહિ.

વિધવા વિવાહના વિરોધીઓ મુખ્યત્વે કરીને ચાર દલીલો કરે છે, ત્હેમાંની પ્રથમ એ છે કે પ્રારબ્ધ અને પૂર્વકર્મની વાત લાવે છે અને વિધવા થયેલી રંડવાળાનું કોઇ પૂર્વ જન્મનું પાપ ઉદયમાં આવ્યું છે માટે ત્હેણે શાંતિથી એ ભોગવવું જોઇએ. પણ આ દલીલ બરાબર નથી. કારણ કે પુરૂષો જ્યારે વિધુર બને છે ત્યારે એ પૂર્વકર્મનું પાપ નડતું નથી અને સ્ત્રીઓ જ્યારે વિધવા બને છે ત્યારે ત્યાં પૂર્વકર્મના પાપનો ઉદય માનવામાં આવે છે. આ બાબત ન્યાયીપણાથી વિરૂદ્ધ છે, ત્હેમાં ન્યાયને સ્થાન નથી. સમાજ કેવળ એક અજ્ઞાન બાળાને દંડે છે અને પુરૂષ માટે કંઇજ નથી એટલે સમન્વય ન હોય ત્યાં આ દલીલ ટકી શકતી નથી.

બીજી દલીલ એ કરવામાં આવે છે કે સ્ત્રીઓને પુનર્લગ્નની છુટ આપવામાં આવશે તો સ્ત્રીપુરૂષના સ્નેહનો વિનાશ થશે અને સંસાર કલહરૂપ બની જશે. આ દલીલ પણ વ્યાજબી નથી કારણ સમસ્ત સંસારમાં પુરૂષો સ્ત્રીઓ કરતાં સ્વાર્થી અને વિષયલોલુપી વધારે જણાશે. એકંદરે જોતાં જેટલા પ્રમાણમાં પુરૂષો બેવફા નિવડે છે તેટલા પ્રમાણમાં સ્ત્રીઓ બેવફા નિવડતી નથી. સ્ત્રીઓને પુરૂષો જ અવળે માર્ગે દોરવે છે. જે સમાજમાં ફરજીઆત વૈધવ્યની પ્રથા નથી એ સમાજના સ્ત્રીપુરૂષના સ્નેહનો વિનાશ થયો નથી, પરંતુ વધુ દ્રઢતર થઇ રહ્યો છે.

ત્રીજી દલીલ એ છે કે બાળલગ્ન અને વૃદ્ધલગ્ન અટકાવીએ તો વિધવાવિવાહનો પ્રશ્ન આપોઆપ ઉકેલાઇ જશે. એ દલીલ ખોટી તો નથી પરંતું વિચારણીય જરૂર છે. બાળ અને વૃદ્ધલગ્ન જરૂર અટકી જવા જોઇએ એ સવાલ વગરની વાત છે છતાં ફરજીઆત વૈધવ્યની પ્રથા તો નાબુદ થવી જ જોઇએ.

આગલી દલીલોને ઓતપ્રોત થયેલી ચોથી એક સબળ દલીલ ધર્મશાસ્ત્રો અને નીતિની કરવામાં આવે છે, કહે છે કે ધર્મ સ્ત્રીઓને પુનર્લગ્ન કરવાની છુટ આપતો નથી અને સમાજની નીતિ પણ એ પરિસ્થિતિની બાધક છે. અહિં એ પ્રશ્ન ઉદ્ભવે છે કે જે ધર્મશાસ્ત્રો પુરૂષો અને સ્ત્રીઓ માટે જુદા જુદા નિયમો બતાવતાં હોય; સ્ત્રી પુરૂષની સમાનતા ન સ્વીકારતા હોય ત્હેને ધર્મશાસ્ત્રો કહેવા કે નહિ ? આજના યુગમાં આવા ધર્મશાસ્ત્રોની જરાયે કિંમત નથી. આજનો યુગ તો જેટલા પુરૂષોના હક્કો સ્વીકારે છે તેટલા જ સ્ત્રીઓના અધિકારો પણ સ્વીકારે છે. હવે રહી નીતિની વાત. સમાજ પોતાના સુલભ વ્યવહાર માટે અમુક પ્રકારની નીતિ મુકરર કરે છે. એ નીતિમાં પરિવર્તન લાવી શકાય છે. તે સિવાય એ નીતિ જ્યારે મુકરર કરવામાં આવી ત્યારે ત્હેમાં સ્ત્રીઓનો સાથ લેવામાં આવ્યો નથી. એટલે સ્ત્રીઓને એ નીતિ બાધક હોવી જોઇએ નહિ.

વિધવા પણ એક મનુષ્ય છે, ત્હેને દુઃખ અને લાગણી છે. આપણે જે ખોરાક લઇએ છીએ એ જ ખોરાક એ પણ લે છે, એટલે ત્હેની વૃત્તિઓ પણ આપણા જેવી જ છે, આજે મંદિરોમાં અને માર્ગમાં વ્યાખ્યાનકારો અને સાધુતાની પછેડીને ઓથે રહેલા કુસાધુઓ પાછળ અનેક વિધવાઓ ધર્મને બ્હાને ભટકે છે અને એ બ્હેનોના ભોળપણનો લાભ લેવાઇ રહ્યો છે. અનેક જાતના ગુપ્ત પાપાચારો વધી રહ્યા છે અને પાપાચારો જ્યારે પ્રકાશિત થાય છે ત્યારે સમાજ ત્હેને સંઘરતો નથી અને ત્હેને વિધર્મીઓનો આશ્રય શોધવો પડે છે, આ પરિસ્થિતિ મિટાવ્યે જ છૂટકો છે.

---

**ન્યુયોર્કને ૬૮ લાયબ્રેરીઓઃ—**

એક વખતે તે "અમેરિકન સ્ટોકીસ્ટ" નામનું પત્ર વાંચતો હતો તેમાં તેણે વાંચ્યું કે વણવા શરૂ કરેલા થાન માટે દેવતાઓ સુતર પૂરૂં પાડે છે; અથવા આરંભેલું કાર્ય પૂરૂં કરવામાં ઇશ્વર મદદ કરે છે. આ વાક્ય જાણે પોતાના માટે જ લખાયું હોય તેમ તે વિચારતો હતો તેટલામાં જ ન્યુયોર્ક પબ્લીક લાયબ્રેરીવાળા ડો. જે. એસ. બિલિંગ્સ તેની પાસે આવી પહોંચ્યા અને તેણે તરત જ ન્યુયોર્ક શહેર માટે જુદા જુદા લત્તાઓમાં ૬૮ લાયબ્રેરીઓ બાંધી આપવા માટે સાઠી બાવન લાખ ડોલર અર્પણ કર્યા અને બ્રુકલીન શહેર માટે બીજી ૨૦ લાયબ્રેરીઓ બાંધી આપવા તેણે વચન આપ્યું.

**ડન્ફર્મલાઇનને લાયબ્રેરીની ભેટઃ—**

તેની જન્મભૂમિ 'ડન્ફર્મલાઇન' શહેર કે જેમાં આગળના વખતમાં પાંચ વણકર મિત્રોએ એકઠા થઇ, પોતાના ગરીબ પાડોશીઓને વાંચનની અનુકુળતા કરી આપવા, પોતાના પુસ્તકો એકઠા કરી વાંચવા આપતા હતા. કે જે પાંચમા એક ગૃહસ્થ કાર્નેગીના પિતા હતા. પોતાની ગરીબ અવસ્થામાં પણ પોતાના પાડોશીઓને વાંચનની અનુકુળતા કરી આપવા પોતાના પિતાએ જે કામ કર્યું હતું. તે પોતાની જન્મભૂમિને કાર્નેગીએ એક સારી લાયબ્રેરી બંધાવી આપી અને તે લાયબ્રેરીનો પાયો નાખવાની ક્રિયા કાર્નેગીએ પોતાના માતાના હાથે કરાવી ! કાર્નેગી કહે છે કેઃ ધંધામાંથી નિવૃત્ત થયા પહેલાં આ લાયબ્રેરી એ મારી પહેલી સાર્વજનિક બક્ષીસ હતી. એણે અમેરિકામાંના તેના સૌથી પહેલા નિવાસ સ્થાન 'એલિધની' શહેરને એક લાયબ્રેરી બંધાવી આપી અને એક સાર્વજનિક હોલ બંધાવી અર્પણ કર્યો; અને 'વોશિંગ્ટન'ના પ્રેસિડેન્ટ હેરીસને આવી આ મકાનો ખુલ્લાં મૂકવાની ક્રિયા કરી. —ચાલુ.

# જગતના ચોગાનમાં

—શ્રીમતિ કુમારી હઠીસિંહ, રવીન્દ્રનાથ ટાગોરના ભત્રીજા શ્રી સૌમેન્દ્રનાથ ટાગોર સાથે લગ્નગ્રન્થીથી જોડાશે.

—યુરોપની પાંચ મહાસત્તાઓ ઇગ્લાંડ, ફ્રાંસ, જર્મની, ઇટાલી અને રશીયા પાસે એકંદરે બાવીશ હજાર હવાઈ જહાજો, કોઈપણ સ્થળે યુદ્ધની ભેરી સંભળાતાં આપસઆપસમાં ભાખડવાને તૈયાર છે. આવતા યુદ્ધમાં આ બાવીશ હજાર વિમાનોમાંથી શાંત શહેરીઓ ઉપર એક સામટા બોમ્બ પડશે આ હવાઈ બોમ્બમારાનું કેવું ભયંકર પરિણામ આવશે ? તે સ્વાર્થાંધ બનેલા માંધાતાઓને વિચારવાનો સમય નથી.

—જાપાનને રશીયા સાથેનો સંબંધ બગડેલો હોઇ હવેથી જાપાને રશિયામાંથી કાચું લોહું લેવાનું માંડી વાળ્યું છે. અને હિંદમાંથી કાચા લોઢાની ખરીદી કરવા માંડેલ છે. ચાલુ સાલમાં હિંદમાંથી જાપાને આઠ લાખ ટન કાચુ લોહું ખરીદ કરેલ છે.

—ભારતભૂષણ પંડિત મદનમોહન માલવીયાની ૭૫ મી વર્ષગાંઠની ઉજવણી તા. ૬–૧–૩૭ થી કાશીમાં શરૂ થઇ છે અને હિંદમાં જુદે જુદે અનેક સ્થળે તે ધામધૂમ પૂર્વક ઉજવાઇ ગઇ છે.

—રાષ્ટ્રપતિ પં. જવાહરલાલ નેહરૂએ બિહાર પ્રાંતમાં પ્રવાસ શરૂ કર્યો છે. બકસાર સ્ટેશને જ્યારે પાછલી રાત્રે પહોંચ્યા ત્યારે અસાધારણ ઠંડી હતી છતાં લોકોનો ધસારો જબરજસ્ત હતો. બિહારના પાટનગર પટણાની નગરસભાએ તેમને માનપત્ર આપવાનો ઠરાવ કર્યો છે.

—એબીસીનીયા હજુ ઇટાલીને સંપૂર્ણ તાબે થયું હોય તેમ જણાતું નથી. ખુદ એડીસઅબાબાની આસપાસ હજુ પૂનખાર જંગ ચાલુ રહ્યો છે અને તે માટે હજારો ઇટાલીઅન સિપાહીઓને મોકલવા પડે છે, ઝપાઝપી ને મસાલામાં ઘવાએલા ઇટાલીઅન સૈનિકોની ગાડીઓ ઉપર ગાડીઓ ભરાઇને આવે છે, હબસી પકડાયા નથી પરંતુ આઝાદીના જંગમાં તે ઝુઝી રહ્યો છે. એબીસીનીઆની સમસ્ત મુસ્લીમ પ્રજા તેની સાથમાં છે, એમ એક ઇંગ્લાંડના સાપ્તાહિક પત્ર ન્યુ લંડનનો ખાસ ખબરપત્રી જણાવે છે.

—સ્પેનનું ભાવી અચોક્કસ છે. નાઝીઝમ અને ફેસીઝમના ભરડામાં દબાયેલું સ્પેન આજે આંતરવિગ્રહના દાવાનળમાં ભસ્મિભૂત થઇ રહ્યું છે, અનેક નિર્દોષ સ્ત્રીઓ, બચ્ચાઓ અને નાગરિકો ભયંકર બોંબના ભોગ બની મૃત્યુને શરણ થઇ રહ્યા છે. ત્યારે પ્રજાસંઘ અને મહાસત્તાઓ તટસ્થતાનું ભૂત ઉભું કરી વિચાર વિનિમયમાં સમય પસાર કરી રહી છે અને તેનો લાભ લઇ સ્વાર્થ પિપાસુઓ યુરોપમાં વાટવારમણી જેમ એ જાતના વધુને વધુ કારણો ઉત્પન્ન કરતા જાય છે, આ પરિસ્થિતિ ક્યાં અટકશે એ કહેવું મુશ્કેલ છે.

—પેથાપુર જૈન પરિષદનું અધિવેશન તા. ૨–૩ જાનેવારીના દિવસોમાં પાનસર મુકામે શ્રીયુત હીરાલાલ. એમ. શાહ બાર–એટ લોના પ્રમુખપણા નીચે ભરાયું હતું. પેથાપુરના તેમજ બહારના ઘણા સજ્જનોએ આ અધિવેશનમાં હાજરી આપી તેને સફળ બનાવ્યું હતું. એકંદરે દશ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. તેમાં ખાસ કરીને સાગર-વિમળ ઝઘડાનો નિકાલ, બેકારોને રાહત, કેળવણી, ઉદ્યોગ, ધર્માદામીલકતની વ્યવસ્થા વગેરે મુખ્ય હતા.

—ઇંગ્લાંડમાં લોર્ડ ન્યુફીલ્ડે ઓક્સફોર્ડ યુનિવર્સિટિને વિજ્ઞાનની શોધખોળ માટે બધી મળી કુલ ૮૭૦૦૦૦૦ પાઉંડની સખાવત કરી છે અને ૨૦ લાખ પાઉંડ મજુરોના ડીવીડન્ડ માટે અનામત રાખ્યા છે. બ્રિટન માટે આ સખાવત સૌથી મોટી અને અદ્વિતીય છે.

—જૈન કન્યાગુરૂકુળ નીમચ પછી મંદસોર ( માળવા ) જૈન કન્યાગુરૂકુળની સ્થાપના થવાના વર્તમાન મળ્યા છે. મંદસોરના શેઠ ઓંકારમલ બાફનાએ તેમાં રૂ. ૨૫૦૦૦)ની સખાવત કરી છે.

—પાલણપુર ખાતે કુંભલમેરના શાહ બાદરમલ ગુમાનમલની ૧૬ વર્ષની બ્હેન દીવાળીનું લગ્ન ગંડીસરના છોટાલાલ હાથીભાઇ સાથે થનાર હતું. તે અટકાવવા શ્રી. તારાચંદ કોઠારી, શ્રી રતિલાલ કોઠારી અને ડાહ્યાલાલ એમ. મહેતાની પ્રેરણાથી શ્રી મણીલાલ ખુશાલચંદ પારીખના નામથી એડવોકેટ રસીકલાલ દ્વારા પાલણપુરની કોર્ટમાં કેસ દાખલ કરેલ છે. બ્હેન દીવાળીને કોર્ટમાં હાજર કરી તેની જુબાની લેવામાં આવી હતી અને પરણનાર અતિ વૃદ્ધ એવા છોટાલાલને મનાઇ હુકમ આપવામાં આવ્યો હતો.

—એમ. ઈ. હેસર નામના એક ઓસ્ટ્રેલીયન ઇજનેરે અમેરિકા અને આયર્લેન્ડ વચ્ચેનો વિમાની વ્યવહાર સુગમ બને તે માટે અમેરિકા અને આયર્લેન્ડ વચ્ચે તરતાં એરોડ્રોમ્સ બાંધવાનું નક્કી કર્યું છે. આવા પ્રત્યેક એરોડ્રોમ પાછળ ૩૦ લાખ પાઉંડનો ખર્ચ થવાનો અડસટ્ટો કાઢવામાં આવ્યો છે.

—રશીયામાં લગભગ દશહજાર પત્રો જુદી જુદી પચાસ ભાષાઓમાં છપાય છે અને તેનો ફેલાવો ૩૭૦૦૦૦૦૦૦ નકલોનો થવા જાય છે.

## સ્વીકાર અને સમાલોચના.

**પૂર્ણિમા:**–(લગ્નાંક) માસિક, તંત્રી અને પ્રકાશક: શ્રી અમૃતલાલ શાહ, રેવડી બજાર ક્રોસ લેઇન, અમદાવાદ–૨. વાર્ષિક લવાજમ રૂ. ૧–૮–૦ હિન્દબહાર સાત શિલિંગ.

ઉપરોક્ત માસિક દર પૂર્ણિમાએ બહાર પડે છે, આજે જ્યારે લગ્ન જીવન સંબંધી ઉહાપોહ થઇ રહ્યો છે અને એ પ્રશ્ન જ્યારે કસોટી ઉપર ચઢ્યો છે ત્યારે આ લગ્નાંક કેટલેક એ પ્રશ્નની અચ્છી રીતે મિમાંસા કરે છે, લગ્ન સંબંધી ચટસ્ફોટ કરે છે, તેમાં તંત્રીએ જુદા જુદા લેખકોનો સાથ મેળવ્યો છે અને આર્યપ્રથાને અનુલક્ષીને લખાયેલા લેખોને સ્થાન આપ્યું છે. પ્રસંગાનુસાર નૂતન સર્જીત સુંદર કાવ્યો પણ મૂક્યા છે કે જે લગ્નાંકની શોભા વધારે છે. એકંદરે અંક વાંચવા જેવો છે.

# શ્રી પ્રથમ જૈન યુવક પરિષદ.

(સરક્યુલર)

બાન્ધુશ્રી, મુંબઈ, તા. ૯-૧-૧૯૩૭

વિ. માં. ઇ. સ. ૧૯૩૧ના ડીસેમ્બર માસમાં શ્રી મણિલાલ કોઠારીના પ્રમુખપણા નીચે મુંબઈ ખાતે શ્રી જૈન યુવક પરિષદ મળી હતી, તે પરિષદની કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે આપને જણાવવાનું કે એ પરિષદની કાર્યવાહક સમિતિની એક સભા તા. ૧૭-૧-૩૭ રવિવારના રોજ બપોરે ૩ વાગે (સ્ટા. ટા.) ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાં આવેલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઓફીસમાં બોલાવવામાં આવી છે. જે વખતે નીચે જણાવેલ બાબતો ઉપર નિર્ણય કરવામાં આવશે.

(૧) અત્યાર સુધીનો હિસાબ રજુ કરવામાં આવશે.

(૨) અત્યારે બાકી રહેલ રકમનો ઉપયોગ અને પરિષદની ભાવિ પ્રવૃત્તિ.

આ સભામાં પધારવા આપ જરૂર કૃપા કરશો.

લી૦ સેવકો,
મણિલાલ એમ શાહ.
ડાહ્યાલાલ મ. મહેતા.
મંત્રીઓ.

## તા. ૨૨-૧-૧૯૩૨ થી તા. ૩૦-૧૧-૧૯૩૨ સુધીનો આવક જાવકનો હિસાબ.

**જમે**

| | |
|---|---|
| ૧૧૬૦-૧૩-૦ | શ્રી ભેટ ખાતે જમે. |
| ૯૫-૪-૦ | યુવક પ. વખતના સીલિક હતા તે. |
| ૯૬૮-૧૧-૦ | પરિષદ વખતે ખર્ચ જતાં વધેલા તે. |
| ૯૬-૧૪-૦ | જુદા જુદા ગૃહસ્થોના ભેટ આવ્યા. |
| ૧૧૬૦-૧૩-૦ | |
| ૨-૧૨-૦ | શ્રી સભ્યોના લવાજમ ખાતે જમે. ૧૧ મેમ્બરોના. |
| ૪૨-૧૨-૦ | શાહ મણીલાલ મહોકમચંદ ખાતે જમે. |
| ૨-૩-૦ | શ્રી પ્રબુધ્ધ જૈન ખાતે જમે. ટીકીટો લેવા લીધેલા. |
| ૧૨૦૮-૮-૦ | |

**ઉધાર**

| | |
|---|---|
| ૨૨૨-૧૨-૩ | શ્રી પ્રચાર ખાતે ઉધાર. |
| ૧૭૩-૦-૦ | પત્રિકા ૧ થી ૫ ની છપાઇના. |
| ૨૮-૦-૦ | પહોંચબુકોની છપામણી. |
| ૨૧-૧૨-૩ | પોસ્ટેજ ખર્ચના. |
| ૨૨૨-૧૨-૩ | |
| ૧૦-૬-૯ | શ્રી મીટિંગ ખાતે ઉધાર. |
| ૫-૦-૦ | ડૉ. શાહના અવસાનની દીલગીરી દર્શાવવા હીરાબાગમાં સભા ભરી તેના ભાડાના. |
| ૫-૬-૯ | મહાવીરજયંતિના મેળાવડાના હીરાબાગના. |
| ૬-૫-૯ | શ્રી ખર્ચ ખાતે ઉધાર. પરચુરણ ખર્ચના. |
| ૯૬૮-૧૧-૦ | શ્રી બેન્ક ઓફ ઇન્ડિઆ લી૦ ખાતે ઉધાર. |
| ૧૨૦૮-૩-૯ | |
| ૦-૪-૩ | શ્રી પુરાંત બાકી. |
| ૧૨૦૮-૮-૦ | |

## સરવૈયું.

**જમે**

| | |
|---|---|
| ૧૧૬૦-૧૩-૦ | શ્રી ભેટ ખાતે જમે |
| ૨-૧૨-૦ | શ્રી સભ્યોના લવાજમ ખાતે જમે |
| ૪૨-૧૨-૦ | શાહ મણિલાલ મહોકમચંદ ખાતે જમે |
| ૨-૩-૦ | શ્રી પ્રબુધ્ધ જૈન ખાતે જમે |
| ૧૨૦૮-૮-૦ | |

**ઉધાર**

| | |
|---|---|
| ૯૬૮-૧૧-૦ | શ્રી બેન્ક ઓફ ઇન્ડિઆ લી૦ ખાતે ઉધાર |
| ૧૦-૬-૯ | શ્રી મીટિંગ ખાતે ઉધાર |
| ૨૨૨-૧૨-૩ | શ્રી પ્રચાર ખાતે ઉધાર |
| ૬-૫-૯ | શ્રી ખર્ચ ખાતે ઉધાર |
| ૧૨૦૮-૩-૯ | |
| ૦-૪-૩ | શ્રી પુરાંત બાકી. |
| ૧૨૦૮-૮-૦ | |

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે વોલેન્ટરી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.